MANOGAT • Year-40 • Issue-10 • 25 August 2021 • Shravan Vad 3, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28



आजादी का अमृत महोत्सव

# મનોગત







**પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ દ્વારા ભારત માતાની વંદના કરી રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો જેમાં વિશાળ સંખ્યામાં પ્રદેશના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા ત્યારની તસવીરો**












Year : 40, Issue : 10, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# ધાર્મિક સ્થળોના અભૂતપૂર્વ, ઈશ્વરીય, દિવ્ય અને ભવ્ય વિકાસકાર્યને ઇતિહાસ સંસ્કૃતિના યજ્ઞકાર્ય તરીકે જ આલેખશે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે આ પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવના પવિત્ર તીર્થસ્થળે અંદાજિત રૂપિયા ૮૫ કરોડથી વધારેના ખર્ચે તૈયાર થયેલા કે થનારા - યાત્રિકોને સુખાકારી, સગવડતા, સુવિધા અને આસ્થા પ્રદાન કરતા ચાર પ્રકલ્પો - સમુદ્રદર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી, જૂના સોમનાથ મંદિર જીર્ણોદ્ધાર નવીનીકરણનું લોકાર્પણ તેમજ પાર્વતી માતાના મંદિરના નિર્માણ માટેનો શિલાન્યાસ તાજેતરમાં કરવામાં આવ્યો છે.

જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર સત્તા પર આવી છે ત્યારથી ગુજરાતનાં ધાર્મિક સ્થળોને પૂર્ણ મહત્ત્વ આપીને તેના જીર્ણોદ્ધાર, વિકાસ, આજુબાજુની સુવિધાઓ અને યોગ્ય કનેક્ટિવિટી ઊભી કરીને તેને ખરા અર્થમાં પવિત્ર ધામો બનાવવાનો પ્રયાસ આયોજનબદ્ધ સ્વરૂપે આપણા દ્વારા કરવામાં આવ્યો છે, જેના કારણે જ અંબાજીથી શરૂ કરીને શામળાજી, બહુચરાજી, ખેડબ્રહ્મા, ડાકોર, દ્વારકા, સોમનાથ, પાવાગઢ, ગિરનાર, ચોટીલા, ઉપરાંત જ્ઞાતિ કે સંપ્રદાયોનાં ધર્મકેન્દ્રો વગેરે  સુધીનાં અનેક યાત્રાધામોમાં ઊભી થયેલી સુવિધાઓની અનુભૂતિ આજે સૌ શ્રદ્ધાળુઓ કરી રહ્યા છે.

ગુજરાતનાં તમામ યાત્રાધામો પોતાના ઐતિહાસિક મહત્ત્વની સાથે સાથે ખરા અર્થમાં ધાર્મિક યાત્રાનું શ્રદ્ધાકેન્દ્ર બને તે માટેના સરકારની 'પ્રસાદ' જેવી અનેક યોજનાઓના  કારણે રાજ્યની અંદર જ રિલીજીઅસ ટૂરિઝ્મ મોટા પ્રમાણમાં આયોજિત થતું જોવા મળે છે. અગાઉ ગુજરાતીઓ બહારના રાજ્યમાં જ જાત્રા માટે જતા જોવા મળતા. આજે બીજાં રાજ્યોના જાત્રાળુઓ પણ ગુજરાત આવતા જોવા મળે છે જે આનંદની સાથે સાથે ગૌરવની બાબત પણ બની રહી છે.

જાત્રાનાં સ્થળોના વિકાસકામોથી આપણી સંસ્કૃતિના આધાર સ્તંભો પ્રત્યે આસ્થા રાખનારાને સારી સુવિધા કે સેવા આપ્યાનો સંતોષ તો સૌને થાય જ, સાથે સાથે નવી પેઢી પણ ધાર્મિક સ્થાનોએ આવતી જતી થાય છે, માટે ભવિષ્યની પેઢીના સાચા સાંસ્કૃતિક ઘડતર માટે પણ આ બાબત બહુ મહત્ત્વની સાબિત થઈ રહી છે. જો આ ધાર્મિક સ્થળો અવિકસિત, સુવિધા વિહોણા કે કોઈ જ પ્રકારના નવા પ્રકલ્પો વિનાના હોય તો નવી પેઢીને માટે ધાર્મિક સ્થળો માત્ર ક્રિયાકાંડ જ બની રહે. જેના બદલે આજે નવી પેઢી પણ ઉત્સાહ અને ઉમંગ સાથે ગૌરવભેર ત્યાં જઈ રહી છે તે બાબત પોતે જ આપણી સંસ્કૃતિના ઉજ્જ્વળ ભવિષ્યનો ભગવો ધ્વજ ફરકાવી રહી હોય તેવી અનુભૂતિ કરાવે છે.

ગામેગામ માતાજી કે દાદાના દરેક ધામમાં સરકાર દ્વારા કે ટ્રસ્ટમાં બેસેલા આપણી વિચારધારાના લોકો દ્વારા થઈ રહેલા આ અભૂતપૂર્વ, ઈશ્વરીય, દિવ્ય અને ભવ્ય વિકાસકાર્યને ઇતિહાસ સંસ્કૃતિના યજ્ઞકાર્ય તરીકે જ આલેખશે તેવા નમ્ર પ્રાર્થનાભાવ સાથે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**


ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## ૭૫મા સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચીર પરથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન




# આજે દુનિયા એ વાતની પણ સાક્ષી છે કે કઈ રીતે ભારત પોતાને ત્યાં સુશાસનનો નવો અધ્યાય લખી રહ્યું છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

મારા વહાલા દેશવાસીઓ, આઝાદીનો અમૃત મહોત્સવ, ૭૫મા સ્વતંત્રતા દિવસ પર આપ સૌને અને વિશ્વભરમાં ભારતને પ્રેમ કરનારા, લોકશાહીને પ્રેમ કરનારા તમામને ખૂબ ખૂબ શુભકામનાઓ. પ્રગતિપથ પર વધી રહેલા આપણા દેશની સામે અને વિશ્વમાં સંપૂર્ણ માનવજાતિ સામે કોરોનાનો આ કાલખંડ બહુ મોટા પડકારના રૂપમાં આવ્યો છે. ભરતવાસીઓએ ખૂબ સંયમ, ખૂબ ધૈર્ય સાથે આ યુદ્ધ લડ્યું પણ છે. આ લડાઈમાં આપણી સામે અનેક પડકારો હતા, પરંતુ દરેક ક્ષેત્રમાં આપણે દેશવાસીઓએ અસાધારણ ગતિએ કામ કર્યું છે. આપણા વૈજ્ઞાનિકો, આપણા ઉદ્યમીઓની તાકાતનું જ એ પરિણામ છે કે ભારતને રસી માટે આજે કોઈ બીજા ઉપર, કોઈ અન્ય દેશ ઉપર નિર્ભર નથી રહેવું પડ્યું. તમે કલ્પના કરો, એક ક્ષણ માટે વિચાર કરો જો ભારતની પાસે પોતાની રસી ના હોત તો શું થાત પોલિયોની રસી મેળવવા માટે આપણને કેટલાં વર્ષો લાગી ગયાં હતાં.

### ૫૪ કરોડથી વધુ લોકો રસી લગાવી ચૂક્યા છે

આટલા મોટા સંકટમાં, જ્યારે આખી દુનિયામાં મહામારી હોય, ત્યારે આપણને રસી કઈ રીતે મળત. પરંતુ ભારતને કદાચ મળત કે ના મળત અને ક્યારે મળત, પરંતુ આજે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ આપણા દેશમાં ચાલી રહ્યો છે. ૫૪ કરોડથી વધુ લોકો રસી લગાવી ચૂક્યા છે. કોવિન જેવી ઓનલાઈન વ્યવસ્થા, ડિજિટલ સર્ટિફિકેટ આપવાની વ્યવસ્થા આજે દુનિયાને આકર્ષિત કરી રહી છે. મહામારીના સમયે ભારતે જે રીતે ૮૦ કરોડ દેશવાસીઓને મહિનાઓ સુધી સતત વિના મૂલ્યે અનાજ આપીને તેમના ગરીબ ઘરના ચૂલાને સળગતો રાખ્યો છે તે દુનિયા માટે આશ્ચર્યની વાત પણ છે અને ચર્ચાનો વિષય પણ છે. એ વાત સાચી છે કે અન્ય દેશોની સરખામણીએ ભારતમાં ઓછા લોકોને ચેપ લાગ્યો છે, એ પણ સત્ય છે કે દુનિયાના દેશોની વસતીની સરખામણીએ ભારતમાં આપણે મહત્તમ સંખ્યામાં આપણા નાગરિકોને બચાવી શક્યા, પરંતુ એ આપણા માટે પીઠ થાબડવાનો વિષય નથી. સંતોષ માનીને સૂઈ જવાનો વિષય નથી. એવું કહેવું કે કોઈ પડકાર નહોતો એ આપણા પોતાના વિકાસના આગળના રસ્તાઓને બંધ કરનારી વિચારધારા બની જશે.

દુનિયાના સમૃદ્ધ દેશોની સરખામણીએ આપણી વ્યવસ્થાઓ ઓછી છે. વિશ્વની પાસે, સમૃદ્ધ દેશોની પાસે જે છે તે આપણી પાસે નથી. પરંતુ આ બધા જ પ્રયાસો છતાં પણ.. અને બીજી બાજુ આપણે ત્યાં માનવ-વસતી પણ વધારે છે. વિશ્વની સરખામણીએ વધારે વસતી છે. આપણી જીવનશૈલી પણ થોડી જુદી છે. બધા જ પ્રયાસો છતાં પણ કેટલાય લોકોને આપણે બચાવી ના શક્યા. કેટલાય બાળકોના માથા પર હાથ ફેરવનારા જતા રહ્યા. તેને લાડ કરનાર, તેની જીદ પૂરી કરનાર લોકો જતા રહ્યા. આ અસહ્ય પીડા, આ તકલીફ હંમેશા સાથે રહેવાની છે.



### ૭૫ વર્ષના અવસરને આપણે એક સમારોહ માત્રમાં સીમિત નથી કરી દેવાનો

મારા વહાલા દેશવાસીઓ, દરેક દેશની વિકાસયાત્રામાં એક સમય એવો આવે છે જ્યારે દેશ પોતાની જાતને નવી રીતે વ્યાખ્યાયિત કરે છે. પોતાની જાતને નવા સંકલ્પો સાથે આગળ વધારે છે. ભારતની વિકાસયાત્રામાં પણ આજે તે સમય આવી ગયો છે. ૭૫ વર્ષના અવસરને આપણે એક સમારોહ માત્રમાં સીમિત નથી કરી દેવાનો. આપણે નવા સંકલ્પોને આધાર બનાવવાના છે. નવા સંકલ્પોને લઈને ચાલી નીકળવાનું છે. અહીંથી શરૂ કરીને આગામી ૨૫ વર્ષની યાત્રા જ્યારે આપણે આઝાદીની શતાબ્દી ઊજવીશું નવા ભારતના આ સર્જનનો આ અમૃતકાળ છે. આ અમૃત સમયમાં આપણા સંકલ્પોની સિદ્ધિ, આપણને આઝાદીનાં સો વર્ષ સુધી લઈ જશે. ગૌરવપૂર્ણ રૂપે લઈ જશે.

### અમૃતકાળનું લક્ષ્ય

અમૃતકાળનું લક્ષ્ય છે, ભારત અને ભારતના નાગરિકો માટે સમૃદ્ધિનાં નવાં શિખરોનું આરોહણ. અમૃતકાળનું લક્ષ્ય છે એક એવા ભારતનું નિર્માણ કે જ્યાં સુવિધાઓનું સ્તર ગામડાંઓ અને શહેરોને વિભાજિત કરનારું ના હોય. અમૃતકાળનું લક્ષ્ય છે એક એવા ભારતનું નિર્માણ કે જ્યાં નાગરિકોના જીવનમાં સરકાર કારણ વગર દખલગીરી ના કરે. અમૃતકાળનું લક્ષ્ય છે એક એવા ભારતનું નિર્માણ કે જ્યાં દુનિયાનું પ્રત્યેક આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર હોય.

આપણે કોઈથી ઊતરતા પણ ના હોઈએ. આ જ કોટિ કોટિ દેશવાસીઓનો સંકલ્પ છે, પરંતુ સંકલ્પ ત્યાં સુધી અધૂરો હોય છે જ્યાં સુધી સંકલ્પની સાથે પરિશ્રમ અને પરાક્રમની પરાકાષ્ઠા ના હોય. એટલા માટે આપણે આપણા બધા જ સંકલ્પોને પરિશ્રમ અને પરાક્રમની પરાકાષ્ઠા સુધી પહોંચાડી સિદ્ધ કરીને જ રહેવું પડશે અને આ સપનાં, આ સંકલ્પ આપણી સીમાઓને પાર સુરક્ષિત અને સમૃદ્ધ વિશ્વ માટે પણ અસરકારક યોગદાન માટે છે.

અમૃતકાળ ૨૫ વર્ષનો છે. પરંતુ આપણે આપણાં લક્ષ્યોની પ્રાપ્તિ માટે આટલો લાંબો સમય રાહ પણ નથી જોવાની. આપણે અત્યારથી લાગી જવાનું છે. આપણી પાસે ગુમાવવા માટે એક ક્ષણ પણ નથી. આ જ સમય છે, યોગ્ય સમય છે. આપણા દેશને પણ બદલવો પડશે અને આપણે એક નાગરિક તરીકે આપણી જાતને પણ બદલવી પડશે જ. બદલાતા યુગને અનુકૂળ આપણે પણ આપણી જાતને એ અનુસાર ઢાળવી પડશે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, એ જ શ્રદ્ધા સાથે આપણે બધા લાગી ગયા છીએ. પરંતુ આજે લાલ કિલ્લાની પ્રાચીર પરથી આહ્‌વાન કરી રહ્યો છું. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ આપણા પ્રત્યેક લક્ષ્યોની પ્રાપ્તિ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. વીતેલાં સાત વર્ષોમાં શરૂ થયેલ અનેક યોજનાઓનો લાભ કરોડો ગરીબોને તેમના ઘર સુધી પહોંચ્યો છે. ઉજ્જવલાથી લઈને આયુષ્માન ભારતની તાકાત આજે દેશનો દરેક ગરીબ જાણે છે. આજે સરકારી યોજનાઓની ગતિ વધી છે. તે નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરી રહી છે. પહેલાંની સરખામણીએ આપણે ખૂબ ઝડપથી ઘણા આગળ વધ્યા છીએ. પરંતુ વાત માત્ર અહીંયાં જ પૂરી નથી થઈ જતી. હવે આપણે સંતૃપ્તિ સ્તર સુધી જવાનું છે, પૂર્ણતા સુધી પહોંચવાનું છે. સોએ સો ટકા ગામડાંઓમાં રસ્તાઓ હોય, સોએ સો ટકા પરિવારોનાં બેંક ખાતાંઓ હોય, સોએ સો ટકા લાભાર્થીઓ પાસે આયુષ્માન ભારતનું કાર્ડ હોય, સોએ સો ટકા પાત્ર વ્યક્તિઓને ઉજ્જવલા યોજના અને ગેસ જોડાણો હોય. સરકારની વીમા યોજના હોય, પેન્શન યોજના હોય, આવાસ યોજના વડે આપણે તે દરેક વ્યક્તિને જોડવાની છે કે જે તેની હકદાર છે. સોએ સો ટકા મૂડ બનાવીને ચાલવાનું છે. આજ સુધી આપણે ત્યાં ક્યારેય તે સાથીઓના વિષયમાં નથી વિચારવામાં આવ્યું કે જેઓ લારી લગાવે છે, પાટા પર બેસીને, ફૂટપાથ પર બેસીને સામાન વેચે છે, ખૂમચા ચલાવે છે. આ સાથીઓને સ્વ-નિધિ યોજનાના માધ્યમથી બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવી રહ્યા છે.

### દરેક ઘર જળ મિશન

દેશ આજે દરેક ઘર જળ મિશનને લઈને ઝડપથી કામ કરી રહ્યો છે. મને ખુશી છે કે જળ જીવન મિશનના માત્ર બે વર્ષમાં સાડા ચાર કરોડ કરતાં વધુ પરિવારોને નળ વડે જળ મળવાનું શરૂ થઈ ગયું છે.. પાઈપ વડે પાણી મળવાનું ચાલુ થઈ ગયું છે. કરોડો માતાઓ બહેનોનો આશીર્વાદ, એ જ આપણી પૂંજી છે. આ સોએ સો ટકાનો સૌથી મોટો લાભ એ થાય છે કે સરકારી યોજનાના લાભથી કોઈ વંચિત નથી રહી જતું. જ્યારે સરકાર એ લક્ષ્ય બનાવીને આગળ ચાલે છે કે આપણે



સમાજની છેલ્લી હરોળમાં જે વ્યક્તિ ઊભો છે તેના સુધી પહોંચવાનું છે, ના તો કોઈ ભેદભાવ થઈ શકે છે અને ના તો કોઈ ભ્રષ્ટાચારની ગુંજાઈશ રહી જાય છે.

### ફોર્ટિફાય ચોખા

મારા વહાલા દેશવાસીઓ, દેશના દરેક ગરીબ, દરેક વ્યક્તિ સુધી પોષણ પહોંચાડવું એ પણ સરકારની પ્રાથમિકતા છે. ગરીબ મહિલાઓ, ગરીબ બાળકોમાં કુપોષણ અને જરૂરી પૌષ્ટિક પદાર્થોની અછત તેમના વિકાસમાં મોટો અવરોધ બને છે. તેને જોતાં એ નક્કી કરવામાં આવ્યું છે કે સરકાર પોતાની જુદી જુદી યોજનાઓ અંતર્ગત જે ચોખા ગરીબોને આપે છે, તેને ફોર્ટિફાય કરશે. ગરીબોને પોષણયુક્ત ચોખા આપવામાં આવશે. કરિયાણાની દુકાન પર મળનારા ચોખા હોય, મિડ ડે મિલમાં બાળકોને મળનારા ચોખા હોય, વર્ષ ૨૦૨૪ સુધી દરેક યોજનાના માધ્યમથી મળનારા ચોખા ફોર્ટિફાય કરીને આપવામાં આવશે.

### ૭૫ હજારથી વધુ આરોગ્ય અને કલ્યાણ-કેન્દ્રો

આજે દેશમાં દરેક ગરીબ સુધી વધુ સારી સ્વાસ્થ્ય સુવિધા પહોંચાડવાનું અભિયાન પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તેની માટે મેડિકલ શિક્ષણમાં જરૂરી મોટા મોટા સુધારા પણ કરવામાં આવ્યા છે. અટકાયતી આરોગ્ય કાળજી ઉપર પણ એટલું જ ધ્યાન આપવામાં આવ્યું છે. સાથે સાથે દેશમાં મેડિકલ બેઠકોમાં પણ ઘણો વધારો કરવામાં આવ્યો છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત દેશના ગામડે ગામડા સુધી ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવામાં આવી રહી છે. જન ઔષધિ યોજનાના માધ્યમથી ગરીબને, મધ્યમ વર્ગને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અત્યાર સુધી ૭૫ હજારથી વધુ આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રો બનાવવામાં આવી ચૂક્યાં છે. હવે બ્લોક સ્તર પર સારાં દવાખાનાંઓ અને આધુનિક લેબના નેટવર્ક પર વિશેષ રૂપે કામ કરવામાં આવી રહ્યું છે. ખૂબ ટૂંક સમયમાં દેશના હજારો દવાખાનાંની પાસે પોતાના ઑક્સિજન પ્લાન્ટ પણ હશે.

### ઓબીસી વર્ગને અનામત

મારા વહાલા દેશવાસીઓ, ૨૧મી સદીમાં ભારતને નવી ઊંચાઈ પર પહોંચાડવા માટે ભારતના સામર્થ્યનો યોગ્ય ઉપયોગ.. સંપૂર્ણ ઉપયોગ એ સમયની માંગ છે. ખૂબ જરૂરી છે. તેની માટે જે વર્ગ પાછળ છે, જે ક્ષેત્ર પાછળ છે તેમનો હાથ પકડવો પડશે. મૂળભૂત જરૂરિયાતોની ચિંતા સાથે જ દલિતો, પછાત વર્ગના લોકો, આદિવાસીઓ, સામાન્ય વર્ગના ગરીબો માટે અનામતની ખાતરી કરવામાં આવી રહી છે. હમણાં તાજેતરમાં જ મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં, ઓલ ઇન્ડિયા કોટામાં ઓબીસી વર્ગને અનામતની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સંસદમાં કાયદો બનાવીને ઓબીસી સાથે જોડાયેલ યાદી બનાવવાનો અધિકાર રાજ્યોને આપી દેવામાં આવ્યો છે.


મારા વ્હાલા દેશવાસીઓ, જે રીતે આપણે એ બાબતની ખાતરી કરી રહ્યા છીએ કે સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ રહી ના જાય, કોઈ વર્ગ છૂટી ના જાય, એ જ રીતે દેશનો કોઈ ભૂ-ભાગ, દેશનો કોઈ ખૂણો પણ પાછળ ના રહી જવો જોઈએ. વિકાસ સર્વાંગી હોવો જોઈએ, વિકાસ સર્વસ્પર્શી હોવો જોઈએ, વિકાસ સર્વસમાવેશક હોવો જોઈએ. દેશનાં આવાં ક્ષેત્રોને આગળ લાવવા માટે છેલ્લાં સાત વર્ષોમાં જે પ્રયાસો કરવામાં આવ્યા છે હવે તેને વધારે ગતિ આપવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આપણું પૂર્વી ભારત, ઉત્તર પૂર્વ, જમ્મુ કાશ્મીર, લદ્દાખ સહિત સંપૂર્ણ હિમાલયનું ક્ષેત્ર હોય, આપણો દરિયાઈ પટ્ટો હોય કે પછી આદિવાસી અંચલ હોય, તે ભવિષ્યમાં ભારતના વિકાસના, ભારતની વિકાસયાત્રાના બહુ મોટા આધાર બનવાના છે.

### જમ્મુ કાશ્મીર

જમ્મુ કાશ્મીરમાં જ ડિલિમિટેશન કમિશનની રચના થઈ ચૂકી છે અને ભવિષ્યમાં વિધાનસભા ચૂંટણી માટે પણ તૈયારીઓ ચાલી રહી છે. લદ્દાખ પણ વિકાસની પોતાની અસીમ સંભાવનાઓની દિશામાં આગળ વધી રહ્યું છે. એક બાજુ લદ્દાખ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ થતું જોઈ રહ્યું છે તો ત્યાં બીજી બાજુ સિંધુ સેન્ટ્રલ યુનિવર્સિટી લદ્દાખને ઉચ્ચ શિક્ષણનું, હાયર એજ્યુકેશનનું કેન્દ્ર પણ બનાવી રહી છે.

### બ્લૂ ઈકોનોમી

૨૧મી સદીના આ દાયકામાં, ભારત બ્લૂ ઈકોનોમીના પોતાના પ્રયાસોને વધારે ગતિ આપશે. આપણે જળચર ઉછેરની સાથે સાથે દરિયાઈ વિડ્સની ખેતીમાં જે નવી સંભાવનાઓ બની રહી છે તે સંભાવનાઓનો પણ



પૂરેપૂરો લાભ ઉઠાવવાનો છે. ડીપ ઓશન મિશન સમુદ્રની અસીમ સંભાવનાઓને શોધવાની આપણી મહત્ત્વાકાંક્ષાઓનું પરિણામ છે. જે ખનીજ સંપત્તિ સમુદ્રમાં છુપાયેલી પડી છે, જે પરમાણુ ઊર્જા સમુદ્રના પાણીમાં છે, તે દેશના વિકાસને નવી ઊંચાઈઓ આપી શકે છે.

### ૧૧૦થી વધુ આકાંક્ષી જિલ્લાઓ

દેશના જે જિલ્લાઓ માટે એવું માનવામાં આવતું હતું કે તે પાછળ રહી ગયેલા છે, અમે તેમની આકાંક્ષાઓને પણ જગાડી છે. દેશમાં ૧૧૦થી વધુ આકાંક્ષી જિલ્લાઓ, મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ, માર્ગો, રોજગાર સાથે જોડાયેલ યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમાંથી અનેક જિલ્લા આપણા આદિવાસી ભાગમાં રહેલા છે. અમે આ જિલ્લાઓની વચ્ચે વિકાસની એક તંદુરસ્ત સ્પર્ધાનો એક ઉત્સાહ ઉત્પન્ન કર્યો છે. આ આકાંક્ષી જિલ્લાઓ ભારતના અન્ય જિલ્લાઓની સરખામણી સુધી પહોંચે, તે દિશામાં ઝડપથી સ્પર્ધા ચાલી રહી છે.

### સહકારવાદ

મારા વહાલા દેશવાસીઓ, આર્થિક વિશ્વમાં મૂડીવાદ અને સમાજવાદ તેની ચર્ચા તો બહુ થાય છે પરંતુ ભારત સહકારવાદ ઉપર પણ ભાર મૂકે છે. સહકારવાદ, આપણી પરંપરા, આપણા સંસ્કારોને પણ અનુકૂળ છે. સહકારવાદ, જેમાં જનતા જનાર્દનની સામૂહિક શક્તિ અર્થવ્યવસ્થાની ચાલક શક્તિના રૂપમાં ડ્રાઈવિંગ ફોર્સ બને, એ દેશની જમીની સ્તરના અર્થતંત્ર માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. સહકાર એ માત્ર કાયદા નિયમોની જંજાળ ધરાવતી એક વ્યવસ્થા નથી પરંતુ સહકાર એ એક જુસ્સો છે, સહકાર એ એક સંસ્કાર છે, સહકાર એ એક સામૂહિક રીતે ચાલવાની મનોવૃત્તિ છે. તેમનું સશક્તિકરણ થાય, તેની માટે અમે જુદું મંત્રાલય બનાવીને આ દિશામાં પગલાં ભર્યાં છે અને રાજ્યોની અંદર જે સહકારી ક્ષેત્ર છે, તેમની ઉપર જેટલો વધુ ભાર આપવામાં આવી શકે, તે ભાર આપવા માટે અમે આ પગલાં ભર્યાં છે.

### ઈ-કોમર્સ મંચ

મારા વહાલા દેશવાસીઓ, આ દાયકામાં આપણે ગામડાંઓમાં નવી અર્થવ્યવસ્થાના નિર્માણ માટે પૂરેપૂરી શક્તિ લગાવવી પડશે. આજે આપણે આપણાં ગામડાંઓને ઝડપથી પરિવર્તિત થતાં જોઈ રહ્યા છીએ. વીતેલાં કેટલાં વર્ષો, ગામડાંઓ સુધી માર્ગો અને વીજળીની સુવિધાઓ પહોંચાડવા માટેના રહ્યા હતા. તે સંપૂર્ણ કાળખંડ અમારો રહ્યો. પરંતુ હવે આ ગામડાંઓને ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક ડેટાની તાકાત પહોંચી રહી છે, ઈન્ટરનેટ પહોંચી રહ્યું છે. ગામડાંઓમાં પણ ડિજિટલ ઉદ્યોગસાહસિકો તૈયાર થઈ રહ્યા છે. ગામડાંઓમાં જે આપણી સ્વસહાય જૂથો સાથે જોડાયેલી ૮ કરોડથી વધુ બહેનો છે, તેઓ એકથી ચઢે એવી એક ચીજવસ્તુઓ બનાવે છે. તેમનાં ઉત્પાદનોને દેશમાં અને વિદેશમાં મોટું બજાર મળે તેના માટે હવે સરકાર ઈ-કોમર્સ મંચ પણ તૈયાર કરશે.

### દેશના ૭૦થી વધુ રેલમાર્ગો પર ખેડૂત રેલવે ચાલી રહી છે

પાક વીમા યોજનામાં સુધારા હોય, લઘુતમ ટેકાના ભાવને દોઢ ગણા કરવાનો મોટો મહત્ત્વપૂર્ણ નિર્ણય હોય, નાના ખેડૂતોને ક્રેડિટ કાર્ડ કરતાં સસ્તા દરે બેંક પાસેથી ધિરાણ મળવાની વ્યવસ્થા હોય, સોલર પાવર સાથે જોડાયેલ યોજનાઓ ખેતી સુધી પહોંચાડવાની વાત હોય, ખેડૂત ઉત્પાદક સંગઠનો હોય.. આ બધા જ પ્રયાસ નાના ખેડૂતોની તાકાત વધારશે. આવનાર સમયમાં બ્લોક લેવલ સુધી વેર હાઉસની સુવિધા નિર્માણ કરવાનું પણ અભિયાન ચલાવવામાં આવશે. દરેક નાના ખેડૂતોના નાનામાં નાના ખર્ચને ધ્યાનમાં રાખીને પીએમ કિસાન સમ્માન નિધિ યોજના ચલાવવામાં આવી રહી છે. દસ કરોડથી વધુ રકમ સીધી તેમનાં ખાતાંઓમાં જમા કરાવી દેવામાં આવી છે. નાના ખેડૂતો એ હવે અમારી માટે અમારો મંત્ર છે, અમારો સંકલ્પ છે. નાનો ખેડૂત બને દેશની શાન. એ અમારું સપનું છે. આવનાર વર્ષોમાં આપણે દેશના નાના ખેડૂતોની સામૂહિક શક્તિને વધારે આગળ વધારવાની છે. નવી સુવિધાઓ આપવી પડશે. આજે દેશના ૭૦થી વધુ રેલમાર્ગો પર ખેડૂત રેલવે ચાલી રહી છે.

### સ્વામી વિવેકાનંદજીની વિશેષતા

મારા વહાલા દેશવાસીઓ, સ્વામી વિવેકાનંદજી જ્યારે ભારતના ભવિષ્યની વાત કરતા હતા, પોતાની આંખો સામે મા ભારતની ભવ્યતાનું જ્યારે તેઓ દર્શન કરતા હતા ત્યારે તેઓ કહેતા હતા કે – જ્યાં સુધી શક્ય



થઈ શકે, અતીત સામે જુઓ. પાછળ જે ચીર નૂતન ઝરણું વહી રહ્યું છે, આકંઠ તેનું જળ પીવો અને તે પછી જુઓ સ્વામી વિવેકાનંદજીની વિશેષતા, તે પછી સામેની તરફ જુઓ. આગળ વધો અને ભારતને પહેલાં કરતાં અનેકગણું વધારે ઉજ્જવળ, મહાન, શ્રેષ્ઠ બનાવો. આઝાદીના આ ૭૫મા વર્ષમાં આપણી જવાબદારી છે કે આપણે હવે આપણા દેશના અસીમ સામર્થ્ય પર વિશ્વાસ કરીને આગળ વધીએ. આપણે સાથે મળીને કામ કરવું પડશે, નવી પેઢીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે, આપણે સાથે મળીને કામ કરવું પડશે. વિશ્વકક્ષાના ઉત્પાદન માટે, આપણે સાથે મળીને કામ કરવું પડશે. કટિંગ એ જ ઈનોવેશન માટે, આપણે સાથે મળીને કામ કરવું પડશે નવા યુગની ટેકનોલોજી માટે.

## આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર

મારા વહાલા દેશવાસીઓ, આધુનિક વિશ્વમાં પ્રગતિ પાયાગત, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ઊભી રહે છે. તે મધ્યમવર્ગની જરૂરિયાતો, આકાંક્ષાઓની પણ પૂર્તિ કરે છે. નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું બહુ મોટું નુકસાન વિકાસની ગતિને પણ થાય છે. શહેરી મધ્યમ વર્ગને પણ થાય છે.

મારા વહાલા દેશવાસીઓ, આ જ વાતને સમજતાં જળ, જમીન, નભ દરેક ક્ષેત્રમાં દેશે અસાધારણ ગતિ અને સ્તર પર કામ કરીને બતાવ્યું છે. નવા જળમાર્ગો, વોટર વેઝ હોય, કે નવાં નવાં સ્થાનોને સી પ્લેન સાથે જોડવાનાં હોય, દેશમાં ખૂબ ઝડપથી કામ ચાલી રહ્યું છે. ભારતીય રેલવે પણ ઝડપી ગતિએ આધુનિક અવતારમાં ઢળી રહી છે. દેશે સંકલ્પ લીધો છે કે આઝાદીના અમૃત મહોત્સવના, તમને ખબર હશે કે આપણે આઝાદીના અમૃત મહોત્સવને ૭૫ અઠવાડિયાં સુધી ઉજવવાનું નક્કી કર્યું છે. ૧૨ માર્ચથી શરૂ થયું છે અને ૨૦૨૩, ૧૫ ઓગસ્ટ સુધી આને ચલાવવાનું છે, ઉત્સાહ સાથે આગળ વધવાનું છે. એટલા માટે દેશે એક બહુ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આઝાદીના અમૃત મહોત્સવનાં ૭૫ સપ્તાહમાં, ૭૫ સપ્તાહમાં ૭૫ વંદે ભારત ટ્રેનો દેશના પ્રત્યેક ખૂણાને પરસ્પર જોડીને રહેશે. આજે જે ગતિએ દેશમાં નવા એરપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે, ઉડાન યોજના દૂર-સુદૂરના વિસ્તારોને જોડી રહી છે, તે અભૂતપૂર્વ છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે કઈ રીતે વધુ સારી હવાઈ સંપર્ક વ્યવસ્થા લોકોનાં સપનાંઓને નવી ઉડાન આપી રહી છે.

## સ્વદેશી ઉત્પાદનમાં આપણું સામર્થ્ય


મારા વહાલા દેશવાસીઓ, વિકાસના પથ પર આગળ વધતાં ભારતને પોતાના ઉત્પાદન અને નિકાસ બંને વધારવાં પડશે. તમે જોયું છે, કે હમણાં કેટલાક દિવસો પહેલાં જ ભારતે પોતાના પહેલા સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતને સમુદ્રમાં ટ્રાયલ માટે ઉતાર્યું છે. ભારત આજે પોતાનાં લડાયક વિમાનો બનાવી રહ્યું છે, પોતાની સબમરીન બનાવી રહ્યું છે, ગગનયાન પણ અંતરીક્ષમાં ભારતનો પરચમ લહેરાવવા માટે તૈયાર થઈ રહ્યું છે. આ સ્વદેશી ઉત્પાદનમાં આપણા સામર્થ્યને ઉજાગર કરે છે.

કોરોના પછી ઉત્પન્ન થયેલ નવી આર્થિક પરિસ્થિતિઓમાં મેઈક ઈન ઈન્ડિયાને સ્થાપિત કરવા માટે દેશે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહનોની પણ જાહેરાત કરી છે. આ યોજના વડે જે પરિવર્તન આવી રહ્યું છે, તેનું ઉદાહરણ ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ક્ષેત્ર છે. સાત વર્ષ પહેલાં આપણે લગભગ આઠ બિલિયન ડોલરના મોબાઈલ ફોન ઈમ્પોર્ટ એટલે કે આયાત કરતા હતા. હવે આયાત તો બહુ ઘટી ગઈ છે પરંતુ આપણે ત્રણ બિલિયન ડોલરના મોબાઈલ ફોનની નિકાસ પણ કરી રહ્યા છીએ.

આજે જ્યારે આપણા ઉત્પાદન ક્ષેત્રને ગતિ મળી રહી છે તો આપણે એ ધ્યાન રાખવાનું છે કે આપણે ભારતમાં જે પણ બનાવીએ તેના વડે આપણે શ્રેષ્ઠતમ ગુણવત્તામાં વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકીએ અને શક્ય હોય તો એક પગલું આગળ વધારીએ, એવી તૈયારી કરવાની છે અને વૈશ્વિક બજારને આપણે લક્ષ્ય બનાવવાનું છે. દેશના તમામ ઉત્પાદકોને હું આગ્રહપૂર્વક કહેવા માંગુ છું, આપણા ઉત્પાદકોએ એ વાતને ક્યારેય ભૂલવી ના જોઈએ કે તમે જે ઉત્પાદન બહાર વેચો છો તે માત્ર તમારી કંપની દ્વારા બનાવવામાં આવેલ એક સાધન માત્ર નથી, એક ઉત્પાદન માત્ર નથી પરંતુ તેની સાથે ભારતની ઓળખ જોડાયેલી રહે છે, ભારતની પ્રતિષ્ઠા જોડાયેલી રહે છે, ભારતના કોટિ કોટિ લોકોનો વિશ્વાસ જોડાયેલો હોય છે.

## ગઈકાલના સ્ટાર્ટ અપ્સ આજે યુનિકોર્ન બની રહ્યા છે

મારા વહાલા દેશવાસીઓ, આજે દેશનાં જુદાં જુદાં ક્ષેત્રો અને દેશનાં નાનાં શહેરોમાં પણ, ટાયર ૨, ટાયર ૩ શહેરોમાં પણ નવા નવા સ્ટાર્ટ અપ ખૂલી રહ્યાં છે. તેમની પણ ભારતીય



## ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહજીને શ્રદ્ધાંજલિ



**સ્વ. કલ્યાણસિંહજીના સદ્‌ગુણો, સંકલ્પો અને સ્વપ્નોને સાકાર કરવા ભગવાન રામ આપણને સૌને શક્તિ આપે તેવી પ્રાર્થના**

ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારોમાં લઈ જવામાં બહુ મોટી ભૂમિકા છે. સરકાર પોતાના આ સ્ટાર્ટ અપ્સ સાથે પૂરેપૂરી તાકાત સાથે ઊભેલી છે. તેમને આર્થિક મદદ આપવાની હોય, કરમાં છૂટ આપવાની હોય, તેના માટે નિયમોને સરળ બનાવવાના હોય, બધુ જ કરી શકાય તેમ છે. આપણે જોયું છે કે કોરોનાના આ મુશ્કેલ સમયમાં જ હજારો હજારો નવા સ્ટાર્ટ અપ્સ બહાર ઊભરીને આવ્યા છે. ખૂબ મોટી સફળતા સાથે તેઓ આગળ વધી રહ્યા છે. ગઈકાલના સ્ટાર્ટ અપ્સ આજે યુનિકોર્ન બની રહ્યા છે. તેમની બજાર કિંમત હજારો કરોડ રૂપિયા સુધી પહોંચી રહી છે.

### રાજનૈતિક ઇચ્છાશક્તિ

મારા વહાલા દેશવાસીઓ, મોટાં પરિવર્તનો લાવવા માટે, મોટા સુધારા કરવા માટે, રાજનૈતિક ઈચ્છાશક્તિ, પોલિટિકલ વિલની જરૂર પડે છે. આજે દુનિયા જોઈ રહી છે કે ભારતમાં રાજનૈતિક ઈચ્છાશક્તિની કોઈ અછત નથી રહી. સુધારાઓને લાગુ કરવા માટે સારી અને સ્માર્ટ શાસન-વ્યવસ્થા હોવી જોઈએ. આજે દુનિયા એ વાતની પણ સાક્ષી છે કે કઈ રીતે ભારત પોતાને ત્યાં સુશાસનનો નવો અધ્યાય લખી રહ્યું છે. અમૃતકાળના આ દાયકામાં આપણે આગામી પેઢીના સુધારાને.. અને તેમાં આપણી પ્રાથમિકતા હશે નાગરિકોને જે કંઈ પણ મળવું જોઈએ, જે સેવા પહોંચવી જોઈએ, તે છેલ્લા માઈલ સુધી, છેલ્લી વ્યક્તિ સુધી સરળતાથી, કોઈ ખચકાટ વગર, જરા પણ મુશ્કેલી વિના તેના સુધી પહોંચે. દેશના સમગ્ર વિકાસ માટે લોકોના જીવનમાં સરકાર અને સરકારી પ્રક્રિયાઓની કારણ વગરની દખલગીરી સમાપ્ત કરવી જ પડશે.

### ૧૫ હજારથી વધુ કમ્પ્લાયન્સને નાબૂદ કર્યા

પહેલાંના સમયમાં સરકાર પોતે જ વાહન ચાલકની બેઠક પર બેસી ગઈ હતી. આ તે સમયની કદાચ માંગ રહી હશે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે. વીતેલાં સાત વર્ષોમાં દેશમાં તેની માટે પ્રયાસ પણ વધ્યો છે કે દેશના લોકોને બિનજરૂરી કાયદાઓની જાળ, બિનજરૂરી પ્રક્રિયાઓની જાળમાંથી મુક્તિ અપાવવામાં આવે. અત્યાર સુધી દેશના સેંકડો જૂના કાયદાઓને સમાપ્ત કરી દેવામાં આવ્યા છે. કોરોનાના આ કાળખંડમાં પણ સરકારે ૧૫ હજારથી વધુ કમ્પ્લાયન્સને અમે નાબૂદ કર્યા છે.

તમે વિચાર કરો, ૨૦૦ વર્ષ પહેલાં.. એક ઉદાહરણ હું આપવા માંગુ છું. ૨૦૦ વર્ષ પહેલાં આપણે ત્યાં એક કાયદો ચાલતો આવી રહ્યો છે.. ૨૦૦ વર્ષ એટલે કે ૧૮૫૭ કરતાં પણ પહેલાંના સમયથી, જેના કારણે દેશના નાગરિકને મેપિંગ એટલે કે નકશો બનાવવાની સ્વતંત્રતા આપવામાં નહોતી આવી. હવે વિચાર કરો, ૧૮૫૭થી ચાલી રહેલો છે.. નકશો બનાવવો છે તો સરકારને પૂછો, નકશો કોઈ પુસ્તકમાં છાપવો છે તો સરકારને પૂછો, નકશો ખોવાઈ જાય તો ધરપકડ કરવાની પણ તેમાં જોગવાઈ છે. આજકાલ દરેક ફોનમાં નકશાની એપ છે. સેટેલાઈટની એટલી તાકાત છે કે પછી આવા કાયદાઓનો બોજ માથા પર લઈને દેશને આગળ કેવી રીતે વધારીશું આપણે! કમ્પ્લાયન્સનો આ બોજ ઊતરવો ખૂબ જરૂરી છે. મેપિંગની વાત હોય, અવકાશની વાત હોય, ઈન્ફોર્મેશન ટેકનોલોજીની વાત હોય, બીપીઓની વાત હોય, જેવાં અનેક ક્ષેત્રોમાં ઘણાં બધાં નિયમનોને અમે સમાપ્ત કરી દીધા છે.

મારા વહાલા દેશવાસીઓ, આ જ વિચારધારા સાથે સરકારે નોકરશાહીમા લોકો કેન્દ્રની પહોંચ વધારવા, અસરકારકતા વધારવા માટે સરકારે મિશન કર્મયોગી અને ક્ષમતા નિર્માણ પંચની શરૂઆત પણ કરી છે.



**ભાષાના કારણે આપણે દેશની બહુ મોટી પ્રતિભાને પિંજરામાં બાંધી દીધી છે**


મારા વહાલા દેશવાસીઓ, કૌશલ્ય અને સામર્થ્યથી ભરેલી આપણા દેશના માટે માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી ભરેલા નવયુવાનોને તૈયાર કરવામાં ભૂમિકા હોય છે.. કોની હોય છે.. બહુ મોટી ભૂમિકા હોય છે – આપણા શિક્ષણની, આપણી શિક્ષણ-વ્યવસ્થાની, આપણી શિક્ષણ પરંપરાની. આજે દેશની પાસે ૨૧મી સદીની જરૂરિયાતોને પૂરી કરનારી નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પણ છે. હવે આપણાં બાળકો ના તો કૌશલ્યની અછતના કારણે અટકશે અને ના તો ભાષાની મર્યાદામાં બંધાશે. દુર્ભાગ્યે આપણા દેશમાં ભાષાને લઈને એક બહુ મોટું વિભાજન ઉત્પન્ન થઈ ગયું છે. ભાષાના કારણે આપણે દેશની બહુ મોટી પ્રતિભાને પિંજરામાં બાંધી દીધી છે. માતૃભાષામાં પ્રખર પ્રતિભાવાન લોકો મળી શકે છે. માતૃભાષામાં ભણેલા લોકો આગળ આવશે તો તેમનો આત્મવિશ્વાસ વધારે વધશે. જ્યારે ગરીબની દીકરી, ગરીબનો દીકરો માતૃભાષામાં ભણીને વ્યાવસાયિક બનશે તો તેના સામર્થ્યની સાથે ન્યાય થશે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ગરીબી વિરુદ્ધ લડાઈનું સાધન ભાષા છે, એવું હું માનું છું. આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પણ એક રીતે ગરીબી વિરુદ્ધ લડાઈ લડવા માટેનું એક બહુ મોટું શસ્ત્ર બનીને કામ આવવાની છે. ગરીબી સામે જંગ જીતવાનો આધાર પણ માતૃભાષામાં શિક્ષણ છે, માતૃભાષાની પ્રતિષ્ઠા છે, માતૃભાષાનું મહત્ત્વ છે. દેશે જોયું છે કે રમતના મેદાનમાં.. અને આપણે અનુભવ કરી રહ્યા છીએ, ભાષા અડચણ નથી બની અને તેનું પરિણામ જોયું છે કે આપણા યુવાનો ખીલવા લાગ્યા છે, રમી પણ રહ્યા છે અને ખીલી પણ રહ્યા છે. હવે આવું જ જીવનનાં અન્ય મેદાનોમાં પણ થશે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ તેની બીજી એક વિશેષ વાત છે, તેમાં રમતગમતને વધારાની અભ્યાસક્રમની પ્રવૃત્તિની જગ્યાએ મુખ્ય પ્રવાહના અભ્યાસનો એક ભાગ બનાવવામાં આવેલ છે. જીવનને આગળ વધારવામાં જે પણ અસરકારક માધ્યમ છે તેમાંથી એક ખેલકૂદ પણ છે. જીવનમાં સંપૂર્ણતા માટે, જીવનમાં રમતગમતનું હોવું, ખેલકૂદનું હોવું ખૂબ જરૂરી છે. એક સમય હતો કે જ્યારે ખેલકૂદને મુખ્ય પ્રવાહ સમજવામાં નહોતો આવતો. મા-બાપ પણ પોતાના બાળકોને કહેતાં હતાં કે રમતા જ રહેશો તો જીવન બરબાદ કરી લેશો. હવે દેશમાં તંદુરસ્તીને લઈને, ખેલકૂદને લઈને એક જાગૃતિ આવી છે. આ વખતે ઓલિમ્પિકમાં પણ આપણે જોયું છે, આપણે અનુભવ કર્યો છે. આ પરિવર્તન આપણા દેશ માટે એક બહુ મોટો વળાંક છે. એટલા માટે આજે દેશમાં રમતોમાં પ્રતિભા, ટેકનોલોજી અને વ્યવસાયીકરણ લાવવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તેને આ દાયકામાં હજી વધારે ઝડપી અને વ્યાપક બનાવવાનું છે.

તે દેશ માટે ગૌરવની વાત છે કે શિક્ષણ હોય કે રમતગમત, બોર્ડનાં પરિણામો હોય કે ઓલિમ્પિકનું મેદાન આપણી દીકરીઓ આજે અભૂતપૂર્વ પ્રદર્શન કરી રહી છે. આજે ભારતની દીકરીઓ પોતાની જગ્યા મેળવવા માટે આતુર છે. આપણે એ બાબતની ખાતરી કરવાની છે કે દરેક કારકિર્દી અને કાર્યક્ષેત્રમાં મહિલાઓની સમાન સહભાગિતા હોય. આપણે એ બાબતની ખાતરી કરવાની છે કે માર્ગો પરથી લઈને કાર્ય કરવાના સ્થળ સુધી, દરેક જગ્યા પર મહિલાઓને સુરક્ષાની ભાવનાનો અનુભવ થાય. સન્માનનો ભાવ અનુભવાય તે માટે દેશના શાસન પ્રશાસનને, પોલીસ અને ન્યાય વ્યવસ્થાને, નાગરિકોએ પોતાની સોએ સો ટકા જવાબદારી નિભાવવાની છે. આ સંકલ્પને આપણે આઝાદીના ૭૫ વર્ષનો સંકલ્પ બનાવવાનો છે.

આજે હું આ ખુશી દેશવાસીઓ સાથે વહેંચી રહ્યો છું. મને લાખો દીકરીઓના સંદેશ મળતા હતા કે તેઓ પણ સૈનિક સ્કૂલમાં ભણવા માંગે છે. તેમના માટે પણ સૈનિક સ્કૂલના દરવાજા ખોલવામાં આવે. બે અઢી વર્ષ પહેલાં મિઝોરમની સૈનિક સ્કૂલમાં પહેલીવાર દીકરીઓને પ્રવેશ આપવાનો એક નાનકડો પ્રયોગ શરૂ કર્યો હતો. હવે સરકારે નક્કી કર્યું છે કે દેશની તમામ સૈનિક સ્કૂલોને દેશની દીકરીઓ માટે પણ ખોલી દેવામાં આવશે. દેશની તમામ સૈનિક સ્કૂલોમાં હવે દીકરીઓ પણ ભણશે.

**રાષ્ટ્રીય સુરક્ષા અને પર્યાવરણ સુરક્ષા**

વિશ્વમાં રાષ્ટ્રીય સુરક્ષાનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ પર્યાવરણ સુરક્ષાને આપવામાં આવી રહ્યું છે. ભારત આજે પર્યાવરણ સુરક્ષાનો એક બુલંદ અવાજ છે. આજે જૈવ વિવિધતા હોય કે જમીન સંતુલન, જળવાયુ પરિવર્તન હોય કે પછી કચરાનું રિસાયકલિંગ, ઓર્ગેનિક કૃષિ હોય કે બાયોગેસ હોય, ઊર્જા સંરક્ષણ હોય કે



પછી સ્વચ્છ ઊર્જા પરિવર્તન. પર્યાવરણની દિશામાં ભારતના પ્રયાસો આજે પરિણામો આપી રહ્યા છે. ભારતે વનક્ષેત્રને અથવા તો પછી રાષ્ટ્રીય પાર્કની સંખ્યા, વાઘોની સંખ્યા અને એશિયાટિક સિંહો, આ બધામાં જ વૃદ્ધિ દરેક દેશવાસી માટે ખુશીની વાત છે.

મારા વહાલા દેશવાસીઓ, આજે દેશના મહાન વિચારક શ્રી અરવિંદોની જન્મજયંતી પણ છે. વર્ષ ૨૦૨૨માં તેમની ૧૫૦મી જન્મજયંતીનું પર્વ છે. શ્રી અરવિંદો ભારતના ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્નદ્રષ્ટા હતા. તેઓ કહેતા હતા કે આપણે તેટલા સામર્થ્યવાન બનવું પડશે, જેટલા પહેલાં આપણે ક્યારેય નહોતા. આપણે આપણી આદતો બદલવી પડશે. એક નવા હૃદય સાથે પોતાની જાતને ફરીથી જાગૃત કરવી પડશે. શ્રી અરવિંદોની આ વાતો આપણને આપણાં કર્તવ્યોની યાદ અપાવે છે. એક નાગરિક તરીકે, એક સમાજ તરીકે આપણે દેશને શું આપી રહ્યા છીએ, તે પણ આપણે વિચારવાનું છે. આપણે અધિકારોને હંમેશા મહત્ત્વ આપ્યું છે, તે કાળખંડમાં તેની જરૂરિયાત પણ રહી છે પરંતુ હવે આપણે કર્તવ્યોને સર્વોપરી બનાવવાનાં છે, સર્વોપરી રાખવાનાં છે, જે સંકલ્પોનું બીડું આજે દેશે ઉઠાવ્યું છે, તેમને પૂરાં કરવા માટે દરેક વ્યક્તિને જોડાવું પડશે. દરેક દેશવાસીએ તેને પોતાનું બનાવવું પડશે.

આજે જ્યારે દેશ આઝાદીના ૭૫ વર્ષના પ્રસંગે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે તો આપણે આ આયોજન સાથે જોડાવું, તેમાં આગળ આવીને ભાગ લેવો, સંકલ્પોને અવારનવાર જગાડતા રહેવા, એ આપણાં સૌનું કર્તવ્ય છે. આપણાં સ્વતંત્રતા સંગ્રામને ધ્યાનમાં રાખીને તમે જે પણ કરશો.. જે પણ.. અમૃતના એક ટીપાંની જેમ અવશ્ય પવિત્ર થશે અને કોટિ કોટિ ભારતીયોના પ્રયાસ વડે બનેલ આ અમૃતકુંભ આવનારાં વર્ષો માટે પ્રેરણા બનીને ઉત્સાહ જગાડતો રહેશે.

મારા વહાલા દેશવાસીઓ, હું ભવિષ્યદ્રષ્ટા નથી, હું કર્મનાં ફળ પર વિશ્વાસ ધરાવું છું. મને વિશ્વાસ છે મારા દેશના યુવાનો પર, મારો વિશ્વાસ છે દેશની બહેનો પર, દેશની દીકરીઓ પર, દેશના ખેડૂતો પર, દેશના વ્યવસાયિકો પર. આ 'કરી શકે છે' તેવી પેઢી છે, તે દરેક લક્ષ્ય હાંસલ કરી શકે છે.

આજે હું જેને સંકલ્પના રૂપમાં બોલી રહ્યો છું, તે ૨૫ વર્ષ પછી જે પણ રાષ્ટ્રધ્વજ ફરકાવતા હશે તેને તેઓ સિદ્ધિના રૂપમાં બોલશે. દેશ સિદ્ધિના રૂપમાં તેનું ગૌરવગાન કરતો હશે. જેઓ આજે દેશના યુવાનો છે તેઓ તે સમયે પણ જોશે કે દેશે કઈ રીતે આ કમાલ કરી બતાવી છે.

૨૧મી સદીમાં ભારતનાં સપનાંઓ અને આકાંક્ષાઓને પૂરાં કરવામાં કોઈપણ અવરોધ હવે આપણને રોકી નહીં શકે. આપણી તાકાત આપણી જીવંતતા છે, આપણી તાકાત આપણી એકતા છે, આપણી પ્રાણશક્તિ રાષ્ટ્ર પ્રથમ — સદૈવ પ્રથમની ભાવના છે. આ સમય છે સહભાગી સપનાંઓ જોવાનો, આ સમય છે સહભાગી સંકલ્પ લેવાનો, આ સમય છે સહભાગી પ્રયાસો કરવાનો અને આ જ સમય છે કે આપણે વિજયની દિશામાં આગળ ચાલી નીકળીએ અને એટલા માટે હું ફરી કહું છું-

***આ જ સમય છે,***
***આ જ સમય છે.. યોગ્ય સમય છે,***
***ભારતનો અનમોલ સમય છે.***
***આ જ સમય છે.. યોગ્ય સમય છે!***
***ભારતનો અનમોલ સમય છે!***
***અસંખ્ય ભુજાઓની શક્તિ છે,***
***અસંખ્ય ભુજાઓની શક્તિ છે,***
***દરેક બાજુ દેશની ભક્તિ છે!***
***અસંખ્ય ભુજાઓની શક્તિ છે,***
***દરેક બાજુ દેશની ભક્તિ છે!***
***તમે ઊઠો તિરંગો લહેરાવી દો,***
***તમે ઊઠો તિરંગો લહેરાવી દો,***
***ભારતના ભાગ્યને ફરકાવી દો,***
***ભારતના ભાગ્યને ફરકાવી દો!***
***આ જ સમય છે, યોગ્ય સમય છે!***
***ભારતનો અનમોલ સમય છે!***
***કઈ એવું નથી..***
***કઈ પણ એવું નથી, જે ના કરી શકો,***
***કઈ એવું નથી, જે ના કરી શકો,***
***તમે ઊભા થઈ જાવ..***
***તમે ઊભા થઈ જાવ, તમે લાગી જાવ,***
***સામર્થ્યને તમારા ઓળખો..***
***સામર્થ્યને તમારા ઓળખો..***
***કર્તવ્યને પોતાનાં બધાં જાણો.***
***કર્તવ્યને પોતાનાં બધાં જાણો.***

આ જ સમય છે, યોગ્ય સમય છે!
ભારતનો અનમોલ સમય છે!

જ્યારે દેશ આઝાદીના ૧૦૦ વર્ષ પૂરાં કરશે, તો દેશવાસીઓના લક્ષ્ય યથાર્થમાં બદલાઈ જશે, મારી એ જ કામના છે. એ જ શુભકામનાઓ સાથે તમામ દેશવાસીઓને ૭૫મા સ્વતંત્રતા દિવસ માટે હું ફરી એકવાર અભિનંદન આપું છું અને મારી સાથે હાથ ઉપર કરીને બોલો-

જય હિન્દ
વંદે માતરમ
ભારત માતાની જય

•





# ૧૫મી ઓગસ્ટ એ આપણા દેશની સંપ્રભુતાનો ઉત્સવ, આપણો તિરંગો એ આપણા દેશની અસ્મિતાનું પ્રતીક છે - કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ ગાંધીનગર લોકસભા ક્ષેત્ર, ગુજરાત અને દેશના નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી.


તેમણે જણાવ્યું હતું કે ૧૫ મી ઑગસ્ટ એ આપણા દેશની સંપ્રભુતાનો ઉત્સવ છે. આપણો તિરંગો એ આપણા દેશની અસ્મિતાનું પ્રતીક છે. તેઓએ કહ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામની પરાકાષ્ઠાને પ્રણામ કરતી આંદામાનની સેલ્યુલર જેલ, અરુણાચલ પ્રદેશથી ''એંગ્લો ઇન્ડિયન'' યુદ્ધની સાક્ષી કેકર મોર્નિંગની ભૂમિ, ઉત્તર પ્રદેશના મેરઠ, કાકોરી અને ઝાંસી, ગુજરાતની દાંડી જેવી અને તપોભૂમિઓ આઝાદીના અસંખ્ય સંઘર્ષો અને અગણિત બલિદાનોની યાદ તાજી કરાવે છે. તેમણે કહ્યું હતું કે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાની જાતની આહુતિ આપનારા, આઝાદીની ચળવળમાં નેતૃત્વ આપનાર તમામ હુતાત્માઓના ચરણોમાં હું આદરપૂર્વક નમન અને કોટી કોટી વંદન કરું છું. નત મસ્તકે વંદન કરું છું એ તમામ વીર જવાનો, શૂરવીરો અને શહીદોને જેમણે આઝાદી મળ્યા બાદ રાષ્ટ્રરક્ષાની પરંપરાને જીવંત રાખી, દેશના રક્ષણ માટે સર્વોચ્ચ બલિદાનો આપ્યાં. જે પુણ્ય આત્માઓએ આઝાદ ભારતના પુનઃનિર્માણમાં પ્રગતિની એક એક ઈંટ મૂકી છે એ તમામના ચરણોમાં સાદર વંદન કરું છું.

આઝાદીના સાત દાયકાઓ બાદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારે " ઓફ ધ પીપલ, ફોર ધી પીપલ, બાય ધી પીપલ'' બંધારણના વિચારને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. છેલ્લાં સાત વર્ષમાં 'દેશના ૧૩૦ કરોડ દેશવાસીઓ' શબ્દ આપણી ક્ષમતા અને ગૌરવબોધનું પ્રતીક બન્યો છે. કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકારોએ ગરીબો, વંચિતો, શ્રમિકો, યુવાનો અને મહિલાઓને કેન્દ્રસ્થાને રાખીને બનાવેલી યોજનાઓ અને નીતિઓનો સર્વવ્યાપક અમલ થાય અને તેનો લાભ સર્વે લાભાર્થીઓને કોઈપણ વચેટિયા વિના સીધો જ મળે તેવી મજબૂત પ્રશાસનિક વ્યવસ્થાઓ ઊભી કરી છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિ અને દઢ નિર્ધારના પરિણામે દેશબાંધવોના સન્માન, ભોજન, સ્વાસ્થ્ય, શિક્ષણ, આવાસ અને રોજગાર જેવી મૂળભૂત સમસ્યાઓના નિરાકરણ-ઉકેલની દિશામાં નિર્ણાયક પગલાં લઈને નાગરિકોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. આ ઉપરાંત ''રાષ્ટ્ર પ્રથમ''ના ભાવ સાથે દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વના રક્ષણ કાજે દેશના સીમાડાઓ સુરક્ષિત કરવાની સાથે - સાથે વિશ્વકલ્યાણના ધ્યેયને પણ ચરિતાર્થ કર્યો છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપ સરકારે જવાબદેહી અને દાયિત્વશીલ નીતિ દાખવીને આર્ટિકલ ૩૭૦ અને ૩૫એની નાબૂદી થકી જમ્મુ અને કાશ્મીરને સાચી સ્વતંત્રતા અર્પણ કરી છે. ઉજ્જવલા યોજના, શૌચાલયના નિર્માણ અને ત્રિપલ તલાક નિર્મૂલન થકી મહિલાઓને બિનઆરોગ્યપ્રદ વાતાવરણ અને કુરિવાજોમાંથી મુક્તિ, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મુદ્રા લોન થકી યુવાનોને તેના ભવિષ્ય નિર્માણની, કિસાન સન્માન નિધિ, કૃષિ કાયદાઓ અને એમએસપી દ્વારા કિસાનોને મુક્ત બજારમાં સન્માનજનક ભાવે વેચાણની સ્વતંત્રતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુનિશ્ચિત કરી છે. કેન્દ્રની ભાજપા સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા જઠરાગ્નિની ચિંતામાંથી, જનધન ખાતાંઓ દ્વારા વચેટિયાઓથી અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના થકી કોઈપણ રોગની સારવાર માટેના ખર્ચની ચિંતામાંથી દેશના નાગરિકોને મુક્તિ અપાવી છે.

●



**ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે દરેક ભારતીયને શુભેચ્છા પાઠવી**

# દેશનો વારસો, ઇતિહાસ અને સ્વતંત્રતા સાચવવાની જવાબદારી આજના યુવાનોની - શ્રી સી. આર. પાટીલ



પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ૭૫મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ધ્વજ-વંદન કાર્યક્રમ સાંપ્રત સમયની પરિસ્થિતિને ધ્યાને રાખીને આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે યોજાયો હતો. પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે તિરંગો લહેરાવી રાષ્ટ્રગીતનું પઠન કરી દેશના ૭૫મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ વર્ષના સ્વાધીનતા દિવસનું અનેરું મહત્ત્વ છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે સ્વતંત્રતાનું ૭૫મું વર્ષ એ સમગ્ર દેશ માટે અને દેશના નાગરિકો માટે અમૃત મહોત્સવનું વર્ષ છે. આજે આપણે સૌ ઉલ્લાસ, ઉમંગ સાથે સ્વતંત્રતા માણી રહ્યા છીએ તે સ્વતંત્રતા મેળવી આપવા માટે દેશના લાખો યુવાનોએ પોતાની છાતી પર ગોળીઓ ઝીલી છે, પોતાની જવાની જેલોમાં વિતાવી છે, માતા બહેનોએ પોતાના યુવાન દીકરા અને ભાઈઓને શહીદ થતાં નરી આંખે જોયા છે. પરંતુ તે મા અને બહેનને ધન્ય છે કે તેમણે તે સમયે અશ્રુ વહાવવાને બદલે તેવો અફસોસ વ્યક્ત કર્યો હતો કે મારે એકનો એક દીકરો કે ભાઈ હતો તેને દેશ માટે અપર્ણ કરી દીધો પરંતુ બીજો દીકરો કે ભાઈ હોત તો તેને પણ દેશના ચરણે સમર્પિત કરી દીધો હોત.

તેમણે સ્વતંત્રતાના શહીદો, નામી-અનામી વીરલાઓના સ્વતંત્રતાના પ્રયત્નોને સ્વતંત્રતા દિવસે શ્રદ્ધાંજલિ તેમજ સ્મરણાંજલિ અપર્ણ કરતાં જણાવ્યું કે આપણે સૌ સ્વતંત્ર વાતાવરણમાં જે ધ્વજવંદન કરી શકીએ છીએ તે સ્વતંત્રતા આપણને સહજતાથી નહીં પણ ખૂબ જ મોટા સંઘર્ષ પછી મળી છે. શહીદોએ બલિદાન વ્હોર્યાં છે. સ્વતંત્ર ભારતના વિકાસની તેમની કલ્પનાને સાકાર કરવાની આપણી સૌની સામૂહિક જવાબદારી છે. દેશના સ્વતંત્રતા વીરોએ દેશ દરેક ક્ષેત્રમાં વૈશ્વિક કક્ષાની હરણફાળ ભરે તેવી કલ્પના સાથે આ દેશનું સુકાન યુવાનોના હાથમાં આપી ગયા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અપ્રતિમ સંઘર્ષ તેમજ તેમના દ્વારા લાગુ કરેલ અનેકવિધ યોજનાઓ થકી ભારત દેશને વૈશ્વિક હરીફાઈમાં મૂકવા માટે આપણે સૌ સક્ષમ બન્યા છીએ. તેમણે જણાવ્યું કે દેશનો વારસો, ઈતિહાસ અને સ્વતંત્રતા સાચવવાની જવાબદારી આજના યુવાનોની છે. સ્વતંત્રતા પર્વની ઉજવણી આપણને સૌને એક સંદેશ આપે છે કે આપણે સૌએ દરેક ક્ષેત્રમાં સતત પ્રયત્નશીલ રહી દેશના સર્વાંગી, સર્વસમાવેશી વિકાસમાં સહભાગી બનવાનું છે. તાજેતરમાં યોજાયેલ ટોકિયો ઓલિમ્પિકમાં દેશના ખેલાડીઓએ સુવર્ણ પદક તેમજ અન્ય પદકો મેળવીને દેશનું ગૌરવ અનેકગણું વધાર્યું છે. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલાડીઓ માટે આદર્શ વ્યવસ્થાઓ બનાવી અને આદર્શ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવ્યું જેનાં સુખદ પરિણામો આપણી સામે છે. શ્રી સી. આર. પાટીલે કોરોના મહામારીમાં જે કોરોના વોરિયર્સે પોતાના જીવની ચિંતા કર્યા વગર દેશને કોરોના મહામારીમાંથી ઉગારવા પોતાની ફરજ બજાવી અને દેશને અખંડ રાખવા જે પ્રયત્નો કર્યા તે બદલ લાખ લાખ અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી સી. આર. પાટીલે ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે સૌ ગુજરાતી ભાઈ- બહેનો, યુવાનોને લાખ લાખ શુભેચ્છા પાઠવી હતી અને વારસામાં મળેલ સ્વતંત્રતાને અકબંધ રાખવા માટે તમામ બનતા પ્રયત્ન કરવાની અપીલ કરી હતી.

•



## ગુજરાતની અવિરત વિકાસયાત્રા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરાવી છે તેને અડીખમ રાખીને 'ઉત્તમથી સર્વોત્તમ ગુજરાત' બનાવવું છે



**આ સ્વતંત્રતા પર્વ, આપણા માટે આઝાદીનો અમૃત મહોત્સવ બનીને રાષ્ટ્રભક્તિથી તરબતર થવાનો અવસર છે. સલામત-સુખી-સમૃદ્ધ-સશક્ત અને દિવ્ય ગુજરાત બનાવીએ - ભવિષ્યની પેઢી અને એનાં સપનાંઓને સાકાર કરીએ**

**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**


આઝાદી પર્વની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું... આપણો દેશ ૭૫મા સ્વતંત્ર પર્વની ઉજવણી કરી રહ્યો છે એ સ્વતંત્રતા-આઝાદીનાં મૂળિયાં જેમણે સીંચ્યાં છે એવા આઝાદીના તમામ લડવૈયાઓ- ક્રાંતિકારીઓ, અનેક નામી-અનામી શહીદો, પુણ્યાત્માઓનું આજના દિવસે સ્મરણ કરીને આપણે એમને વંદન કરીએ છીએ. વર્ષોનાં વર્ષો અવિરત સંઘર્ષમાં બ્રિટિશરોની લાઠીઓ, ગોળીઓ ખાઈ ખાઈને વિરલાઓએ ફાંસીના તખતા ઉપર ચડીને આ મહામૂલી આઝાદી અપાવી છે.

અનેક લોકોએ જે પોતાની જાનની આહુતિ લગાવી તેવા સૌ કોઈએ આ દેશની આઝાદી પછીનું એક ભવ્ય ચિત્ર , સ્વપ્ન કે જેમાં આ દેશની પેઢીએ આ દેશને પરમ વૈભવનુ શિખર પ્રાપ્ત કરાવશે. ભારતમાતા સર્વત્ર, વિશ્વવ્યાપી જગત જનની બનશે એવાં સ્વપ્ન સેવ્યાં હતાં. **આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવમાં કરોડો ભારતવાસીઓને પ્રત્યેક પ્રાંત, પ્રદેશની સાથે મળીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના ધ્યેયથી જનઉત્સવ બનાવવા માટે 'સંકલ્પથી સિદ્ધિ' તરફ આગળ વધવા માટે હાકલ કરી છે.**

આઝાદીનો 'અમૃત મહોત્સવ' એ દિશામાં આપણને સંકલ્પબદ્ધ થવાની પ્રેરણા આપે છે. આપણે સૌ કરોડો ગુજરાતીઓ, ગુર્જરવાસીઓ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં સહભાગી થવાનું છે. **ગુજરાતની અવિરત વિકાસયાત્રા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરાવી છે તેને અડીખમ રાખીને 'ઉત્તમથી સર્વોત્તમ ગુજરાત' બનાવવું છે.**

'સૌનો સાથ સૌનો વિકાસ' એ હેતુ છે, વિકાસની રાજનીતિનો માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈએ જે માર્ગ પ્રશસ્ત કર્યો છે એ જ માર્ગે ચાલીને સરકારે હમણાં પાંચ વર્ષ પૂર્ણ કર્યાં છે.

**પાંચ વર્ષ આપણી સરકારનાં, 'સૌના સાથથી સૌના વિકાસનાં' એ ઉજવણી નહોતી, પરંતુ સેવાયજ્ઞ હતો.** લોકશાહી શાસન-વ્યવસ્થામાં ચૂંટાયેલી સરકારનું દાયિત્વ અને જવાબદારી છે કે, પ્રજાહિતનાં લોકકલ્યાણનાં કામોનું સરવૈયું પ્રજાને આપવું જોઈએ.



કોરોનાના આ કપરા કાળમાં આપણે ગુજરાતમાં તમામ ગુજરાતીઓને બચાવ્યા છે. **સાડા આઠ લાખ ગુજરાતીઓને આપણે કોરોનામાંથી સાજા કરીને ઘરે પાછા મોકલ્યા છે.** સતત દોઢ વર્ષથી સમગ્ર તંત્ર કોરોનાના કપરા કાળમાં એક માત્ર લક્ષ્ય કે કોરોનાના સંક્રમણથી લોકોને બચાવવા, સંક્રમિત થયેલા લોકોને સારામાં સારી ટ્રીટમેન્ટ મળે અને સાજા કરવા અને એના માટે વ્યાપક પ્રયત્નો કરીને આજે ગુજરાત બીજી લહેરમાંથી સંપૂર્ણ બહાર નીકળી ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી વીસ-પચ્ચીસ કેસ સાથે આપણે ગુજરાતને કોરોનામાં વધુ સંક્રમિત થતું અવશ્ય અટકાવ્યું છે. અને ભાઈઓ બહેનો, ભગવાનને પ્રાર્થના કરીએ કે ત્રીજી લહેર ના આવે પરંતુ ત્રીજી લહેર પણ આવે તો એને સંપૂર્ણ રીતે આપણે કોરોના સામે લડાઈ જીતવા માટે પૂરી તાકાતથી બીજી લહેરના અનુભવના આધાર ઉપર વ્યાપક તૈયારીઓ કરી છે.

‘દવાઈ ભી, કડાઈ ભી’ આ સૂત્રને લઈને લોકો કોરોનાના નિયમનું પાલન કરે, હજી કોરોના સંપૂર્ણ ગયો નથી તેમ માનીને વ્યવસ્થા કરીએ. વેક્સિનેશન ઉપર આપણી તાકાત આપણે લગાવી છે કે ગુજરાતના તમામ ગુજરાતીઓ વેક્સિન લઈ લે. મને આનંદ છે કે **પોણા ચાર કરોડ ડોઝ આપણે આપી ચૂક્યા છીએ** અને દરરોજ પાંચ લાખથી વધુ લોકોને ડોઝ આપવામાં આવે તે પ્રકારની વ્યવસ્થા પણ વ્યાપક પ્રમાણમાં શરૂ થયેલી છે. સાથે સાથે વિકાસને પણ અટકવા દીધો નથી, રોજિંદી પ્રવૃત્તિ પણ આપણે પૂરા વેગથી ચાલુ રાખી છે અને છેલ્લા દોઢ વર્ષમાં કોરોનાને કારણે આપણી પ્રવૃત્તિઓમાં નિયંત્રણો હતાં, એ નિયંત્રણોને આજે ધીરે ધીરે દૂર કરીને પૂર્વવત્ પરિસ્થિતિને લાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છીએ.

**છેલ્લા લગભગ દોઢ વર્ષમાં ૩૦ હજાર કરોડનાં વિકાસનાં કામો આપણે ચાલુ રાખ્યાં છે. અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્તો પણ થયાં છે. પડકારોને તકમાં પરિવર્તિત કરીને ‘ન ઝૂકના હૈ, ન રુકના હૈ, કોરોના હારશે, જીતશે ગુજરાત’ એ દિશામાં આગળ વધીએ છીએ. માર્ચ ૨૦૨૧ સુધીમાં દેશના કુલ FDIના આ ૩૭ ટકા રોકાણ એકલા ગુજરાતમાં આવ્યું છે.**

ગુજરાતનો industrial growth આપણે વધારતા આવ્યા છીએ. રોજગારીના અનેક અવસરો યુવાનોને પૂરા પાડીને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર એટલે કે ૧.૮% ગુજરાતનો છે. વિશ્વમાં આખામાં વેપાર ઉદ્યોગની આર્થિક ગતિવિધિઓને કોરોનાની અસર પહોંચી છે, પરંતુ ગુજરાતમાં આપણે એનાથી દૂર રહ્યા છીએ.

**ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે, અને અત્યારે ધોલેરા SIRમાં દેશનું સૌથી વિશાળ ગ્રીનફીલ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન હોય કે પછી રાજકોટની એઈમ્સ હોય, એશિયાની વિશાળ મેડિસિટી હોય કે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ એક્ટિવિટી હોય, ગિફ્ટ સિટી, સુરતનું ડાયમંડ બુર્સ કે પછી વિશ્વપ્રવાસનનું ધામ સ્ટેચ્યુ ઓફ યુનિટી હોય, કે રમતગમત ક્ષેત્રમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ. દુનિયામાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ હોય તે ગુજરાતમાં હોય તેવી પ્રતિબદ્ધતા સાથે હજુ નવાં સીમાચિહ્નો પ્રસ્થાપિત કરવાં છે.**

સાડા છ કરોડ ગુજરાતીઓએ જે વિશ્વાસ અમારામાં મૂકયો છે તેને સાર્થક કરવા માટે અમે કમર કસી છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે આપ સૌ જનતા જનાર્દનની આશા-અપેક્ષા, અરમાન, સપનાનું પ્રતિબિંબ દરેક નીતિ-રીતિ, કાર્યરીતિ પદ્ધતિથી લોકોને પોતાની સરકાર હોવાની અનુભૂતિ થાય. ‘મારી સરકાર’ની જનજનમાં લાગણી થાય તે માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે.

આવો, આઝાદીના આ પાવન પર્વે આપણે સૌ સાથે મળીને આત્મનિર્ભર ભારત માટે, સશક્ત ભારત માટે, શ્રેષ્ઠ ભારત માટે ગુજરાતને અગ્રેસર બનાવીને ભારતમાં ગુજરાત દૃષ્ટાંતરૂપ બને એવો આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ.

**આવો, આપણે સૌ સંકલ્પ કરીએ, કે ‘આપણું ગુજરાત સલામત ગુજરાત, સુખી ગુજરાત, સમૃદ્ધ ગુજરાત, સશક્ત ગુજરાત, સંસ્કારી ગુજરાત, દિવ્ય ગુજરાત, અહિંસક ગુજરાત બનાવીએ અને ભવિષ્યની પેઢી અને એનાં સપનાંઓને સાકાર કરીએ.**

•



# રાજ્યભરમાં યોજાઈ અભૂતપૂર્વ જન આશીર્વાદ યાત્રા







































# રાજ્યભરમાં યોજાઈ અભૂતપૂર્વ જન આશીર્વાદ યાત્રા
























# અભૂતપૂર્વ જન આશીર્વાદ યાત્રા


























# અભૂતપૂર્વ જન આશીર્વાદ યાત્રા


































# આસ્થાને આતંકથી કચડી ના શકાય તેનું આહ્વાન એટલે સોમનાથ - શ્રી નરેન્દ્રભાઈ મોદી







દેશના પ્રધાનમંત્રી અને સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવના પવિત્ર તીર્થસ્થળે રૂ. ૮૫ કરોડથી વધુના ખર્ચે યાત્રિકોને સુખાકારી, સગવડતા, સુવિધા અને આસ્થા પ્રદાન કરતા ચાર પ્રકલ્પો સમુદ્રદર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી અને જૂના સોમનાથ મંદિર જીર્ણોદ્ધાર નવીનીકરણનું વર્ચ્યુઅલી લોકાર્પણ તેમજ પાર્વતીમાતાના મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રીશ્રીએ ભગવાન સોમનાથ મહાદેવને નમન કરી સહર્ષ જણાવ્યું હતું કે, આજે સોમનાથ ક્ષેત્રમાં પ્રકલ્પોનું તેઓના હસ્તે લોકાર્પણ થઈ રહ્યું છે તે સૌભાગ્ય છે. સોમનાથ મંદિર માત્ર ભારત માટે જ નહીં સમગ્ર વિશ્વ માટે વિશ્વાસનું પ્રેરણાસ્થળ છે. શ્રદ્ધાળુ જ્યારે સોમનાથની ભવ્ય સંરચનાને જુવે ત્યારે તેને માત્ર મંદિર નથી દેખાતું, એક એવું અસ્તિત્વ દેખાય છે જે હજારો વર્ષોથી પ્રેરણા આપે છે અને માનવતાનાં મૂલ્યોની ઘોષણા કરે છે. ઋષિમુનિઓએ પ્રભાસક્ષેત્રને પ્રકાશજ્ઞાનાનંદ બતાવેલ છે જે આજે વિશ્વની સામે સત્યને અસત્યથી હરાવી ના શકાય, આસ્થાને આંતકથી કચડી ના શકાય તેનું આહ્વાન કરે છે.

તેમણે કહ્યું કે, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથનું પ્રાચીન ગૌરવ પુનર્જીવિત કરવાની દૃઢ ઈચ્છાશક્તિ દર્શાવી અને એ કાર્ય થયું છે. આ પ્રસંગે લોકમાતા અહિલ્યા બાઈને યાદ કરતાં તેમણે ભગવાન વિશ્વનાથથી લઈ ભગવાન સોમનાથ સહિત કેટલાંય મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા હતા તેમ કહી તેમના જીવનમાં રહેલા પ્રાચીનતા અને આધુનિકતાના સંગમને આજે દેશ પોતાનો આદર્શ માનીને આગળ વધી રહ્યો છે. પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને પણ યાદ કરી સોમનાથની ભવ્યતાનો તેમનો સંકલ્પવિચાર વ્યક્ત કર્યો હતો.

શિવ અવિનાશી, અવ્યક્ત, અનાદિ છે તેમ શ્રદ્ધાપૂર્વક જણાવી કહ્યું





કેન્દ્રીય ગૃહમંત્રી અને સોમનાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારથી સોમનાથ ટ્રસ્ટમાં જોડાયા ત્યારથી તેઓએ કરોડો શ્રદ્ધાળુઓના કેન્દ્ર સમાન સોમનાથના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કર્યા છે અને રોડમેપ તૈયાર કરી માર્ગદર્શન આપ્યું છે. ભારત સરકાર અને ગુજરાત સરકારનું સંકલન તેમજ સોમનાથ ટ્રસ્ટ તેમજ દાતાઓના સહયોગથી વિકાસના યાત્રિકોની સેવાને લગતાં અનેક કાર્યો થઈ રહ્યાં છે તેની રૂપરેખા આપી હતી. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ડિજિટલી દર્શનની સુવિધા તેમજ સ્વચ્છતાના મહત્ત્વનાં કાર્યો સતત થઈ રહ્યાં છે તેનો ઉલ્લેખ કરીને સોમનાથ મંદિરનું ગૌરવ ગરિમા અને દિવ્યતા સાથે મહાત્મ્યની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. તેઓએ દોઢ કિ.મી. લંબાઈ ધરાવતો સમુદ્રદર્શન પથ યાત્રિકોને સગવડ ઉપરાંત સ્થાનિકોને રોજગારી પણ આપશે તેમ કહ્યું હતું.



હતું કે આ મંદિરને ઈતિહાસમાં ઘણીવાર તોડવામાં આવ્યું અને જેટલીવાર પડ્યું તેટલી વાર પુનર્જીવિત થઈ ગરિમા અને ગૌરવ સાથે ખડું થયું. તોડવાનો, આતંકનું સામ્રાજ્ય ઊભું કરવાનો વિચાર થોડો સમય માટે હાવી થઈ શકે, પરંતુ તેનું અસ્તિત્વ ક્યારેય સ્થાયી હોતું નથી. સત્યને અસત્યથી તેમજ માનવતાનાં મૂલ્યોને આ રીતે દબાવી શકાતા નથી.

આપણી વિચારધારા ઈતિહાસમાંથી શીખીને વર્તમાનને સુધારવાની રહી છે અને નવા ભારતના નિર્માણ માટે અતીતને પણ જોડવાનો આપણો સંકલ્પ છે. પશ્ચિમમાં સોમનાથ અને નાગેશ્વર, ઉત્તરમાં બાબા કેદારનાથથી દક્ષિણમાં રામેશ્વર સુધી બાર જ્યોતિર્લિંગ પૂરા ભારતને આપસમાં જોડવાનું કામ કરે છે. બાર જ્યોતિર્લિંગ, ચારધામ તીર્થ સ્થળોની વ્યવસ્થા, શક્તિપીઠની સંકલ્પના, આસ્થાની રૂપરેખા અને દેશના ખૂણે-ખૂણે રહેલાં તીર્થસ્થળો હકીકતમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવના અભિવ્યક્ત કરે છે. કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયની પ્રસાદ યોજના થકી દેશનાં તીર્થસ્થળોનો વિકાસ થઈ રહ્યો છે. યાત્રિકલક્ષી સુવિધાઓ, સગવડમાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૭માં દેશ ટ્રાવેલ અને ટૂરિઝમ કોમ્પિટેટિવનેસ ઈન્ડેક્સમાં ૬૫મા ક્રમે હતો જે વર્ષ ૨૦૧૯માં આગળ વધી ૩૪મા ક્રમે સ્થાન મળ્યું છે.

આ પ્રસંગે સોમનાથ ખાતે રામમંદિર ઓડિટોરિયમમાં લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને સુવિધા માટેનાં અનેક કાર્યો થઈ રહ્યાં છે. સોમનાથ મંદિરની ગરિમાગૌરવ આભને સ્પર્શી રહ્યાં છે ત્યારે ગુજરાત સરકાર સોમનાથ તીર્થસ્થળના વિકાસકાર્યમાં હરહંમેશ પ્રતિબદ્ધ છે. સોમનાથ સહિત ગુજરાતનાં તીર્થસ્થળોના વિકાસ માટે શ્રેણીબદ્ધ માળખાગત કામો હાથ ધરવામાં આવ્યાં છે. સોમનાથ તીર્થસ્થળોમાં શ્રદ્ધાળુઓનો, યાત્રિકોનો વધારો થઈ રહ્યો છે તેની માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ સોમનાથ ટ્રસ્ટ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ દર્શનની જે વ્યવસ્થા થઈ છે તેને પણ આવકારી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીપદ નાયક અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ વર્ચ્યુઅલી જોડાયા હતા.

•



# દેશના વિભાજનની વસમી પીડા

## ૧૪ ઓગસ્ટ : 'વિભાજન ત્રાસદી સ્મૃતિ દિન' તરીકે ઊજવાશે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

સમગ્ર રાષ્ટ્રે ૧૫મી ઓગસ્ટે આઝાદીનું પર્વ હર્ષ, ઉલ્લાસ અને રાષ્ટ્રભક્તિના ભાવ સાથે મનાવ્યું. આઝાદીના ૭૫મા વર્ષ 'અમૃત મહોત્સવ'ના પાવન પર્વ નિમિતે દેશભરમાં તિરંગો લહેરાવી દેશવાસીઓ દેશ્રભક્તિના રંગે રંગાઈ ગયા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પર તિરંગો લહેરાવી દેશવાસીઓને સંબોધન કર્યું. આ પહેલાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૪ ઓગસ્ટના દિવસને યાદ કરતાં પોતાની મનોવ્યથા વ્યક્ત કરતાં કહ્યું કે, '૧૫ મી ઓગસ્ટે દેશ આઝાદ થયો તે પહેલાં ૧૪ ઓગસ્ટે દેશનું બે રાષ્ટ્રોમાં વિભાજન થયું હતું. દેશના વિભાજનની પીડા ક્યારેય ભૂલી શકાય તેમ નથી. નફરત અને હિંસાના કારણે આપણાં લાખો ભાઈઓ-બહેનોએ વિસ્થાપિત થવું પડ્યું અને જીવ ગુમાવવા પડ્યા. આ લોકોનો સંઘર્ષ અને બલિદાનની યાદમાં હવેથી ૧૪ ઓગસ્ટને 'વિભાજન ત્રાસદી સ્મૃતિ દિન' તરીકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગળ કહ્યું કે, વિભાજન ત્રાસદી સ્મૃતિ દિનનો આ દિવસ આપણને ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાના ઝેરને ખતમ કરવા પ્રેરણા આપવાની સાથે એકતા, સામાજિક સદ્ભાવ અને માનવીય સંવેદનાઓ પણ મજબૂત કરવા પ્રેરણા આપશે. ૧૯૪૭માં બ્રિટિશરો દ્વારા ભારતનું વિભાજન કર્યા પછી પાકિસ્તાન એક મુસ્લિમ દેશ તરીકે અલગ પડ્યો. આ બંને દેશની સ્વતંત્રતાના સમયમાં લાખો લોકોએ કોમી રમખાણોમાં તેમના જીવ ગુમાવ્યા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની જાહેરાત બાદ તુરત જ ગૃહ મંત્રાલયે ૧૪મી ઓગસ્ટને દેશના વિભાજન દરમ્યાન બલિદાન આપનારા લાખો લોકોને શ્રદ્ધાંજલિ આપતા 'વિભાજન ત્રાસદી સ્મૃતિ દિન' તરીકે મનાવવા અંગેનું જાહેરનામું પણ બહાર પાડી દીધું.

### વિભાજનની પીડા


વિભાજનની પીડા કેટલી કરુણ અને કષ્ટદાયી હતી તે તો ઈતિહાસનાં પાનાં ફેરવીએ તો જોવા મળે. આ કોઈ સાધારણ ઝઘડામાં ઉતાવળમાં ખેંચાયેલ સરહદોની બંને બાજુ લગભગ ૧૦ લાખ હિંદુ, શીખ અને મુસલમાનને કતલ કરી દેવામાં આવ્યા. લગભગ છ મહિનામાં ૧ કરોડથી પણ વધારે લોકો શરણાર્થી બની ગયા હતા.

વિસ્થાપિતો વિચારી રહ્યા હતા કે દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાને બદલે પોતે પોતાની માતૃભૂમિમાંથી, પોતાના ઘરમાંથી શા માટે હાંકી કઢાયાં ? વિભાજન પર લખવામાં આવેલ પ્રચુર સાહિત્યમાં એક કિસ્સો છાપવામાં આવેલ જેમાં એક વડીલ હિન્દુ મહિલાએ જવાહરલાલ નહેરુને સીધો પ્રશ્ન પૂછેલ કે 'દરેક કુટુંબમાં ભાગલા થાય છે, સંપત્તિના ભાગ થાય છે, પણ આ બધું ઘરમેળે, શાંતિપૂર્વક થાય છે, તો પછી આ માથાકૂટ, લૂંટ, અપહરણ અને કત્લેઆમ શું કામ ? શું તમે આ થોડું સમજણપૂર્વક ન કરી શક્યા હોત ?

જો કે આ સમગ્ર વિભાજન માટે જવાબદાર અને દોષી એક માત્ર મુસ્લિમ લીગને ગણાવી શકાય.

### વિભાજન માટે મુસ્લિમ લીગ જવાબદાર

મુસ્લિમ લીગે ૧૯૪૦થી જ ભારતમાં હિન્દુ અને મુસ્લિમનાં બે અલગ-અલગ રાષ્ટ્રો બનાવી મુસલમાનો માટે અલગ રાજ્યની માંગ કરવી શરૂ કરી દીધી હતી. મુસ્લિમ લીગના નેતા મહંમદ અલી ઝીણાએ એવી ભૂમિકા બાંધી દીધી હતી કે, કોંગ્રેસ હિન્દુઓની સંસ્થા છે. એને દેશના કરોડો મુસલમાનો વતી બોલવાનો અધિકાર નથી. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું ઐતિહાસિક અધિવેશન લાહોરમાં ૧૯૨૯-૩૦માં જવાહરલાલ નહેરુની અધ્યક્ષતા હેઠળ



● હેમત ગોહિલ (જામનગર)


ભરાયું હતું. ૩૧ ડિસેમ્બરની મધરાતે એમણે આપણા દેશવાસીઓ પાસે પૂર્ણ સ્વરાજયની પ્રતિજ્ઞા લેવડાવી હતી. રાવીનું પવિત્ર જળ રાષ્ટ્રીય ધ્યેયની આ પ્રતિજ્ઞાનું સાક્ષી હતું. પરંતુ કેટલા દુઃખની વાત ! જે રાવી નદીના કિનારે પૂર્ણ સ્વરાજયની પ્રતિજ્ઞા લેવાઈ એ નદીનું સ્વાધીન ભારતમાં કોઈ સ્થાન જ ન રહ્યું. જે લાહોરમાં આ રાષ્ટ્રીય પ્રતિજ્ઞા પર થાપ મારવામાં આવી હતી, તે પોતાનાં સંતાનો માટે પારકું બની ગયું ! સ્વાધીનતા અધૂરી હતી. સ્વાધીન ભારતનું સ્વરૂપ વિકૃત થઈ ગયું હતું. એ શુભ પળે જ અપશુકન થયા !!

પહેલાં મુસ્લિમ લીગે પાકિસ્તાનનો નારો લગાવ્યો હતો ત્યારે નહેરુએ એને 'વ્યર્થ બકવાસ' કહીને ઉડાવી દીધો હતો, પરંતુ, એ જ 'બકવાસ' એક નક્કર વાસ્તવિકતા બની હતી.

૧૯૪૦માં મુસ્લિમ લીગે પાકિસ્તાન અંગેનો ઠરાવ કર્યો હતો. આ માંગણી અંગે ગાંધીજીએ પોતાની પ્રતિક્રિયા 'હરિજન'ના અનેક અંકોમાં પોતાના લેખ દ્વારા આવી રીતે વ્યક્ત કરી હતી.

'...બે રાષ્ટ્રો'નો સિદ્ધાંત કઢંગો છે.... ઈશ્વરે જેને એક બનાવ્યો છે, શું માનવ એના ક્યારેય ભાગ પાડી શકશે ? (હરિજન : ૨-૪-૧૯૪૦)

'....ભાગલાનો અર્થ છે સત્યથી મોં ફેરવી લેવું. મારો સંપૂર્ણ આત્મા આ વિચાર સામે બંડ પોકારી રહ્યો છે. મારા મત પ્રમાણે આવા સિદ્ધાંતને સ્વીકારવો એટલે ઈશ્વરને નકારવા જેવું છે. હું પ્રત્યેક અહિંસાત્મક ઉપાયથી એને અટકાવીશ, કારણ કે



## गिलगित से गारो पर्वत तक आझादी पर्व मनाएँगे

पन्द्रह अगस्त का दिन कहता – आझादी अबी अधूरी है।
सपने सच होने बाकी हैं, रावी की शपथ न पूरी है ॥

जिनकी लाशों पर पग धर कर आझादी भारत में आई।
वे अब तक हैं खानाबदोश गम की काली बदली छाई ॥

कलकत्ते के फूटपाथों पर जो आँधी – पानी सहते हैं।
उनसे पूछो, पन्द्रह अगस्त के बारे में क्या कहते हैं ॥

हिन्दू के नाते उनका दुःख सुनते यदि तुम्हें लाज आती।
तो सीमा के उस पार चलो सभ्यता जहाँ कुचली जाती ॥

इन्सान जहाँ बेचा जाता, ईमान खरीदा जाता है।
इस्लाम सिसकियाँ भरता है, डालर मन में मुस्काता है ॥

भूखों को गोली नंगों को हथियार पिन्हाये जाते हैं।
सूखे कण्ठों से जेहादी नारे लगवाए जाते हैं ॥

लाहौर, करांची, ढाका पर मातम की है काली छाया।
पख्तूनों पर, गिलगित पर है गमगीन गुलामी का साया ॥

बस इसीलिए तो कहता हूँ, आझादी अभी अधूरी है।
कैसे उल्लास मनाऊँ मैं ? थोड़े दिन की मजबूरी है ॥

दिन दूर नहीं खण्डित भारत को पुनः अखण्ड बनाएँगे।
गिलगित से गारो पर्वत तक आझादी पर्व मनाएँगे ॥

उस स्वर्ण दिवस के लिए आज से कमर कसें बलिदान करें।
जो पाया उसमें खो न जाएँ, जो खोया उसका ध्यान करें ॥

**– अटल बिहारी वाजपेयीजी**



એનો અર્થ છે એક રાષ્ટ્રના રૂપમાં સાથે સાથે રહેવા માટે અગણિત હિંદુઓ અને મુસલમાનોએ સદીઓ સુધી જે પરિશ્રમ કર્યો છે, એના પર પાણી ફેરવી દેવું.' (હરિજન : ૧૩-૪-૧૯૪૦)

## કોંગ્રેસ પાણીમાં બેસી ગઈ

જાન્યુઆરી ૧૯૪૬માં નિર્ણાયક મહાચૂંટણીઓ થઈ એનાં પરિણામ દેશના ભાવિ રાજકીય જોડાણ માટે અતિ મહત્ત્વપૂર્ણ સાબિત થશે એ સૌ કોઈ જાણતું હતું. અંગ્રેજોએ ભારત છોડવા નિર્ણય કરી લીધો છે એ હકીકત સારી રીતે સમજાઈ ગઈ હતી. આથી દરેક વિચારશીલ ભારતીયના મનમાં એક જ પ્રશ્ન ઘૂમી રહ્યો હતો કે 'અંગ્રેજોના ગયા પછી શું દેશ અખંડ રહી શકશે કે એના ભાગલા પડશે ?'

બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને મુસ્લિમ લીગ મેદાનમાં હતા. લીગે મુસ્લિમ મતદારો સમક્ષ પાકિસ્તાનનો નારો લગાવ્યો. બીજી બાજુ કોંગ્રેસ દેશની અખંડતાના રક્ષણ માટે રાષ્ટ્રની આજ્ઞા માગી. લીગ મુસ્લિમ સ્થળોએ ભારે બહુમતીથી વિજયી નીવડી. બીજી બાજુ હિન્દુ મતદારોએ માત્ર કોંગ્રેસને મત આપ્યા. હિન્દુ પ્રજાએ સંકોચ કે શંકા રાખ્યા વગર કોંગ્રેસની પ્રતિજ્ઞા પર વિશ્વાસ રાખ્યો. તેણે દેશની અખંડતા જાળવી રાખવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસના વિજયથી પ્રજાએ રાહતનો ભારે દમ લીધો.

પરંતુ, નવા વાઇસરોય લૉર્ડ માઉન્ટબેટને ૩ જૂન, ૧૯૪૭ના દિવસે સત્તાબદલીની યોજના જાહેર કરી ત્યારે લોકોમાં સન્નાટો વ્યાપી ગયો, કારણ કે નહેરુ અને પટેલ દ્વારા મંજૂર રખાયેલી યોજનામાં ભારતના ભાગલાની અને પાકિસ્તાનની રચનાની જોગવાઈ હતી.

લોકો હજીય માનવા તૈયાર નો'તા કે કોંગ્રેસ ઝૂકી જશે... પરંતુ ૧૫ જૂને રહીસહી આશા પણ સમાપ્ત થઈ ગઈ. એ દિવસે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ વિભાજન - યોજના પર મંજૂરીની મહોર મારી દીધી. કોંગ્રેસના તમામ દિગ્ગજો અને વિશ્વસનીય નેતા પોતાની પવિત્ર પ્રતિજ્ઞાથી વિમુખ થઈ ગયા. લોકોને અપાયેલાં વચનો પણ ઠાલાં રહી ગયાં. એમના શબ્દો જૂઠા પુરવાર થયા... ૧૪ અને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની મધરાતે શું થયું ? જે કંઈ થયું, તે રાષ્ટ્ર સાથે નર્યો વિશ્વાસઘાત હતો. નર્યું છળ હતું... સ્વાધીનતા-સંગ્રામમાં અખંડ ભારતનાં સ્વપ્નો સાથે વિશ્વાસઘાત હતો. ગાંધીજીએ સ્વયં આ વાતનો સ્વીકાર કર્યો. એમનું હૃદય આ મર્મભેદી પીડાથી ચિરાઈ ગયું. ભારતની ધરતી પર બનેલા નવા દેશ - પાકિસ્તાનમાં ભારતના રાજદૂત તરીકે કરાંચી જતા પહેલાં શ્રી શ્રીપ્રકાશ ગાંધીજીને મળ્યા હતા. એ સમયે ગાંધીજીની વાણી રૂંધાઈ ગઈ હતી. એમની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં હતાં. એમણે કહ્યું હતું, 'મારા જીવનના સ્વપ્નનો જ ભંગ થઈ ગયો છે, મારા જીવનનું ધ્યેય જ ધૂળ ભેગું થઈ ગયું છે.'


## ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના પ્રયાસોથી હિંદુ વિસ્તારો ભારતમાં રહ્યા

ડૉ. શ્યામાપ્રસાદને રાષ્ટ્રના હિન્દુ ચિંતન ધરાવતા નેતાઓ ડૉ. હેડગેવાર અને વીર સાવરકરે હિંદુ મહાસભામાં સક્રિય બનાવ્યા. ૧૯૪૦ માં તેઓ હિંદુ મહાસભાના પ્રમુખ પણ બન્યા. મહાત્મા ગાંધીજીએ ડૉ. શ્યામાપ્રસાદના હિંદુ મહાસભામાં પ્રવેશને આવકાર્યો હતો.

લૉર્ડ માઉન્ટ બેટનની હિંદુસ્તાનની વિભાજનકારી સલાહ કોંગ્રેસે સ્વીકારી લીધી હતી ત્યારે હિંદુ હિતની રક્ષા માટે ડૉ. શ્યામાપ્રસાદે ભગીરથ પ્રયત્નો કર્યા. તેમણે જોયું કે મુસ્લિમ લીગ કલકત્તા સહિત સમગ્ર બંગાળને પાકિસ્તાનમાં લઈ જવા પ્રયત્નશીલ છે, ત્યારે તેમણે રેડક્લીફ કમિશન સમક્ષ જોરદાર રજૂઆત કરી. પંજાબની જેમ બંગાળના હિંદુ વિસ્તારો ભારતમાં રહે તે માટે મુખર્જીએ 'હિંદુ ગાર્ડ' અને હિંદુ મહાસભા દ્વારા પૂરતા પ્રયત્ન કરેલા. મહંમદઅલી ઝીણા તો સંપૂર્ણ આસામ, બંગાળ, પંજાબ અને સિંધને પાકિસ્તાનમાં લઈ જવા માંગતા હતા. પરંતુ, શ્યામપ્રસાદ દીવાલ બનીને તેમની આડે ઊભા હતા. શ્યામાપ્રસાદે ગાંધીજીને પણ ચેતવ્યા હતા કે, 'કદાચ પાકિસ્તાન બની પણ જશે તો તેની વિદેશ નીતિ ભારતની વિરોધી હશે.' ડૉ. શ્યામપ્રસાદની ભવિષ્યવાણીને પાકિસ્તાને આજે કેટલી સાચી પાડી છે !

સ્વતંત્ર ભારતમાં ગાંધીજીના આગ્રહને લીધે વડાપ્રધાન નહેરુએ ડૉ. શ્યામપ્રસાદને પોતાના પ્રધાનમંડળમાં વાણિજ્ય મંત્રી બનાવ્યા. હાલનું ચિત્તરંજનનું રેલવે કારખાનું, બિહારનું સિંદરી ખાતરનું કારખાનું અને વિશાખાપટ્ટનમનું વહાણનું કારખાનું ડૉ. શ્યામાપ્રસાદની દેશને મોટી દેણ છે.

સ્વતંત્રતા પહેલાં, પાકિસ્તાનની રચના સમયે, ડૉ. મુખર્જીએ વધુમાં



વધુ હિંદુ વિસ્તારો ભારત સાથે રહે તેવા ભરપૂર પ્રયત્નો કરેલા. છતાં જે થોડા વિસ્તારો પાકિસ્તાનમાં રહી ગયા ત્યાં હિંદુઓ ઉપર જોરદાર જુલમો શરૂ થયા. ૧૯૫૦માં પાકિસ્તાનથી અસંખ્ય હિંદુઓ અસહ્ય ત્રાસના કારણે ભાગીને ભારત આવવા લાગ્યા. માર્ગમાં પણ આ બેસહારા હિંદુઓની બેરહેમીથી કત્લ કરવામાં આવી. બહેન-દીકરીઓની ઈજ્જત લૂંટવામાં આવી. ભારત પરત આવેલા આ શરણાર્થીઓની કરુણ કથની સાંભળી ડૉ. શ્યામપ્રસાદ ડૂસકે-ડૂસકે રડવા લાગ્યા. દિલ્હી આવી તેમણે પ્રધાનમંડળની બેઠકમાં શરણાર્થી હિંદુઓની દાસ્તાન કહી, તે સમયે પાકિસ્તાનના પ્રધાનમંત્રી લિયાકત અલી દિલ્હી આવેલા. નેહરુએ લિયાકત અલી સાથે પાકિસ્તાનમાં હિંદુઓની રક્ષા કરવાનો કરાર કર્યો, પરંતુ, અનુભવી અને દીર્ઘદૃષ્ટા ડૉ. મુખર્જી જાણતા હતા કે પાકિસ્તાન આ કરારનો અમલ કરવાનું નથી. તેથી તેમણે નહેરુને પાકિસ્તાન તરફ વધુ કડક પગલાં ભરવા જણાવ્યું. પરંતુ, નહેરુએ આ પ્રશ્ન તરફ પૂરતું ધ્યાન આપ્યું નહિ અને પાકિસ્તાનમાં હિંદુઓ ઉપર જુલ્મો ચાલુ જ રહ્યા. આથી નારાજ શ્યામાપ્રસાદે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપી દીધું. સરદાર પટેલે મુખર્જીને ખૂબ મનાવ્યા પણ હિંદુહિતધારી મુખર્જી માન્યા નહિ.

પાકિસ્તાનમાં હિંદુઓ ઉપર અત્યાચારો અને જુલ્મો વધતા જતા હતા. આથી ભારત તરફ આવતા હિંદુઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હતો. નહેરુ સરકારે પાકિસ્તાન તરફ આકરાં પગલાં લેવાને બદલે ઊલટું હિન્દુઓને ભારત આવતા રોકવા પાસપોર્ટ પ્રથાની જાહેરાત કરી. ડૉ. મુખર્જીએ આ કાળા કાયદાનો અને લાચાર હિંદુઓની વેદનાનો પડઘો દેશભરમાં પાડ્યો. ડૉ. મુખર્જીએ સંસદમાં હિંદુ નિર્વાસિતો માટે રજૂઆતો કરતાં કહ્યું કે, સરકારે પાકિસ્તાન ઉપર આર્થિક નિયંત્રણો મૂકવાં જોઈએ અને સરદાર પટેલે સૂચવ્યા પ્રમાણે આવનાર હિંદુ નિર્વાસિતોને વસાવવા માટે પાકિસ્તાન પાસે જમીન માગવી જોઈએ.

## ભગ્ન ભારતની મર્મઘાતક પીડા

ભગ્ન ભારત ! ભારતના ભાગલા પાડી પેદા કરનારી સ્થિતિ લજ્જાસ્પદ ઘટના છે, એ એવી ભયંકર ઘટના છે કે જેનું કોઈ ઉદાહરણ (જયારે દેશ મુસ્લિમ ગુલામીના ચક્કરમાં ખરાબ રીતે પીસાતો હતો એ કાળમાં પણ) મળતું નથી. ભારતવર્ષના લાખો-કરોડો નિષ્ઠાવાન લાડકવાયા લાલ રાતોરાત એક ધર્માંધ, હિન્દુવિરોધી રાજયના આધિપત્ય હેઠળ મુકાઈ ગયા. સિન્ધુ નદી પોતાનાં કરોડો સંતાનો માટે પરાઈ થઈ ગઈ... જે સ્થાનો પર વેદોનું ગાન થયું, વેદોની રચના થઈ એ સ્થાન એના કટ્ટર વિરોધીઓને સુપ્રત કરાયું : વિભાજન - રેખાની બંને તરફનાં કરોડો ભાઈ-બહેનો એકબીજા માટે પરાયાં બની ગયાં. એ પછી જે ભીષણ નરસંહાર થયો એમાં લાખો નિર્દોષ લોકો માર્યા ગયા. ઘોર અમાનવીય અત્યાચારોનો નગ્ન નાચ થયો. મંદિર, તીર્થસ્થાન અને બધાં પવિત્ર સ્થળ ધ્વસ્ત કરી દેવામાં આવ્યાં. અસંખ્ય માનવી નષ્ટ થયા અને અસંખ્ય માનવ-હાડપિંજર અજ્ઞાત દિશાઓમાં ચાલી નીકળ્યાં. સેંકડો બહેન-દીકરીઓના શીલ હણાયાં. અગણિત પુત્રીઓને ઉઠાવી જવામાં આવી. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે આ આફત ઊતરી, એનો અન્ય કોઈ વિકલ્પ હતો ? શું ઈતિહાસમાં એના જેવું કોઈ ઉદાહરણ છે ?

આ ધધકતા સર્વનાશના સાક્ષી પંડિત નહેરુએ કહ્યું હતું, ‘જો મને પહેલેથી આ ભયાનક પરિણામોની ખબર પડી હોત તો હું કદી પણ ભાગલા માટે તૈયાર થયો ન હોત.’

વર્ષો પહેલાં દેશે ‘નિયતિ સાથે મિલન-પ્રતિજ્ઞા’ કરી હતી. એ નિયતિ સાથે આથી વધુ દુઃખદાયી અન્ય કોઈ મજાક થઈ શકી હોત ખરી ?

આપણા કાયમ દબાતા રહેતા રાષ્ટ્રે કયારેય એવું વિચાર્યું હતું કે એને આ પ્રકારની વાચા મળશે ?

આટલી મોટી રાષ્ટ્રીય આપત્તિ એકાએક તો આકાશમાંથી ટપકી પડે નહિ. ઈતિહાસના આવા વિનાશકારી વળાંક કાળના ગર્ભમાં ત્યારે જ આકાર ધરી શકે છે જ્યારે સતત અને અનુકૂળ ખાતર અને પાણી મળતાં રહ્યાં હોય. આ વિષમય બીજ ક્યાંથી આવ્યાં ? કયા કયા દિગ્ગજ માળીએ એને સીંચ્યાં. એમણે કયા પ્રકારની ભૂમિકાઓ ભજવી ?

આવા સેંકડો પ્રશ્નો ૧૪-૧૫ ઓગસ્ટની વિભાજનની કાળરાત્રિના ગર્ભમાંથી પેદા થયા છે... આજે પણ આ પ્રશ્નો આ રાષ્ટ્રને પૂછી રહી છે ભગ્ન ભારતની મર્મઘાતક પીડા.

•



**સ્વયંની અપેક્ષા અને આશાઓને પશ્ચાદ્ ભૂમિમાં મૂકીને સમાજોપયોગી કાર્ય કરવું એ આપણો ધર્મ છે - પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી**



# સ્વયંશિસ્ત ભાજપાના કાર્યકરની મહામુલી મૂડી છે - પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ

પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં કાર્યકર્તા સંવાદ શિબિર પાલડી ટાગોર હોલ ખાતે યોજાઈ. શહેર પ્રમુખશ્રી અમિતભાઈ પી. શાહે પ્રદેશ પ્રમુખશ્રી સી.આર. પાટીલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીનું હૃદયથી સ્વાગત કર્યુ હતું. રાજકીય દૃષ્ટિએ ત્રણ લોકસભા અને ૧૬ વિધાનસભા, ૪૮ વોર્ડનો વિસ્તાર ધરાવતા આ કર્ણાવતી મહાનગરમાંથી શરૂ થયેલી પરંપરા અને સંઘર્ષના પરિણામે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનો ભગવો લહેરાયો છે.

નવનિયુક્ત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ જણાવ્યું હતું કે ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકરોના પ્રથમ સુભગ સમન્વય અને સંપર્કનો અવસર છે. માત્ર શબ્દોમાં જ નહિ પરંતુ વ્યવહારમાં પણ 'પાર્ટી વિથ ડિફરન્સ' આપણે રહ્યા છીએ. સમાજના સંકટના સમયમાં સમર્પણ ભાવથી કાર્ય કરવું એ આપણને એક વિશિષ્ટતા બક્ષે છે. સ્વયંની અપેક્ષા અને આશાઓને પશ્ચાદ્ ભૂમિમાં મૂકીને સમાજોપયોગી કાર્ય કરવું એ આપણો ધર્મ છે. સુરક્ષા, પ્રગતિ, ઉત્સાહ અને આનંદના વાતાવરણનું નિર્માણ એ સમગ્ર દેશમાં ભાજપાનો સ્વધર્મ રહ્યો છે. વ્યક્તિગત પ્રયત્નોની સામૂહિક શક્તિ આપણને આપણા લક્ષ સુધી પહોંચાડશે.

શ્રી સી. આર. પાટીલજીએ જણાવ્યું હતું કે સ્વયંશિસ્ત ભાજપાના કાર્યકરની મહામૂલી મૂડી છે. પૂર્વ ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓના અનુભવ અને પ્રજા સાથેના તાલમેલનો લાભ સંગઠનને મળવો જોઈએ જે થકી સંગઠન વધુ મજબૂત બને છે. મારા નામ કે કામથી કોઈ વિવાદ સર્જાય નહિ એ ચૂંટાયેલ પ્રતિનિધિનો સંકલ્પમંત્ર બની રહેવો જોઈએ. તેમજ સાંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ દ્વારા થયેલા કાર્યની માહિતી આપી હતી. તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓએ કરેલા જનસેવાના અને વિકાસનાં કાર્યોની માહિતી ચોક્કસ રાખવી જોઈએ તેવું આગ્રહપૂર્વક શ્રી પાટીલે જણાવ્યું હતું. **પેજ કમિટીના વિષયમાં ઊંડાણપૂર્વક ચર્ચા કરીને કાર્યકરો સમક્ષ પેજ સમિતિનું મહત્ત્વ ચૂંટણીના મેદાનમાં કેટલું ઉપયોગી છે તે જણાવ્યું હતું. પેજ કમિટી પૂર્ણ હશે તો રાજ્યની તમામ વિધાનસભાની બેઠકો પર જીત નિશ્ચિત કરી શકાય. પેજ સમિતિ ચૂંટણી જીતવાનું અમોઘ શસ્ત્ર છે. સરકારી યોજનાઓની માહિતી - 'એપ'ના માધ્યમથી છેવાડાના માનવી સુધી પહોંચાડવી એ આપણી ફરજ છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના- દસ વ્યક્તિઓનો વીમો ઉતારવો જોઈએ. ૧૭મી સપ્ટેમ્બરે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ૭૧૦૦ ગામોમાં સાંજે ૦૭.૦૦ કલાકે રામધૂનનો કાર્યક્રમ છે. પ્રત્યેક બુથમાં ૫૦ વ્યક્તિઓને 'નમો ડાઉનલોડ કરાવો. ''મારો જન્મ જીતવા માટે થયો છે' એ સંકલ્પ આપણો જીવનમંત્ર બની રહેવો જોઈએ તેમજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન પર ૩૫૩ પુસ્તકો લખાયાં છે, ૯ ઓકટોબરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના CM TO PMના યશસ્વી કાર્યકાળના ૨૦ વર્ષ પૂર્ણ થશે જે સમગ્ર દેશવાસીઓ માટે ગૌરવની ક્ષણ છે.** પ્રજાની મુશ્કેલી દૂર કરવી એ ભાજપાના કાર્યકરની પ્રાથમિક ફરજ છે જેમાં તે કયારેય પીછેહઠ કરતો નથી.



## અજિતસિંહ

જન્મ : ૨૩-૨-૧૮૮૧ • અવસાન : ૧૫-૦૮-૧૯૪૭

'ભારતમાતા સોસાયટી'ના સ્થાપક સરદાર અજિતસિંહ પંજાબના વતની હતા. શહીદ ભગતસિંહના તેઓ સગા કાકા થતા. 'ભારતમાતા સોસાયટી'નો હેતુ પંજાબમાં અંગ્રેજ સરકાર સામે વિદ્રોહ જગાવવાનો હતો. સૂફી અંબાપ્રસાદ, લાલા હરદયાળ, લાલા લાલચંદ, નંદકિશોર મહેતા જેવા પંજાબના કેટલાય અગ્રણીઓ તેના સભ્ય હતા. વિદ્રોહની આગ મોટું સ્વરૂપ ધારણ કરે એ પહેલાં અંગ્રેજ સરકારે અજિતસિંહ અને લાલા લજપતરાય ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી તેમને બર્માની માંડલેની જેલમાં ધકેલી દીધા. પરંતુ તેના વિરોધમાં ઉગ્ર લોકજુવાળ ફાટી નીકળતાં છ મહિનાની અંદર જ અજિતસિંહ અને લાલા લજપતરાયને છોડી દેવા પડ્યા. ભારતમાં રહીને અંગ્રેજ સરકારને જોરદાર લડત નહિ આપી શકાય એવું લાગતાં અજિતસિંહ અફઘાનિસ્તાન જતા રહ્યા. ત્યાં રાજા મહેન્દ્રપ્રતાપ 'આઝાદ હિન્દ સરકાર' રચી હિન્દ પર આક્રમણ કરવાની યોજના ઘડી રહ્યા હતા. પરંતુ અફઘાનિસ્તાનમાંય અજિતસિંહ શાંતિથી ન રહી શક્યા. ધરપકડની નોબત વાગતાં ઈરાન, તૂર્કી થઈ જર્મની પહોંચ્યા. ત્યાંથી બ્રાઝિલ ગયા. જ્યાં એમણે સોળ વર્ષ જ્યાં ત્યાં નોકરી કરીને કાઢ્યાં. આ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. વિશ્વયુદ્ધમાં ઈંગ્લેન્ડનો પરાજય થશે ને ભારત આઝાદ થશે એવી તેમની આશા નઠારી નીવડી. ઊલટાનો તેમનો દેશવટો લંબાયો. ત્યાં સુધી કે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે પણ તેઓ યુરોપના દેશોમાં જ હતા. ભારતમાં તો અંગ્રેજ સરકારે એવી અફવા ફેલાવી દીધી હતી કે અજિતસિંહ મરી પરવાર્યા છે. ઈટલીમાં ભારતના એક ક્રાંતિકારી ઈકબાલ સૈદાઈ સાથે મળી અજિતસિંહે 'આઝાદ હિન્દ લશ્કર'ની સ્થાપના કરી. આવી જ રીતે સુભાષચંદ્ર બોઝે જર્મનીમાં 'આઝાદ હિન્દ ફોજ'ની રચના કરી. પછીથી આ બન્ને નેતાઓ મળ્યા પણ ખરા. દુર્ભાગ્યે બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીનો પરાજય થતાં બન્ને નેતાઓની યોજના પર પાણી ફરી વળ્યું. અંગ્રેજ સરકારે ૨ મે, ૧૯૪૫ના રોજ અજિતસિંહની ધરપકડ કરી લીધી. જેલમાં તેમને અમાનવીય યાતના આપવામાં આવી. આ બાજુ ભારતમાં સત્તા પરિવર્તન નિશ્ચિત બની ગયું હતું. મરણપથારીએ પડેલા અજિતસિંહને સ્વદેશ લાવવા દેશની જનતા તરફથી દબાણ કરવામાં આવ્યું. અંતે લોર્ડ માઉન્ટબેટને મોડે મોડે સંમતિ આપતાં માર્ચ, ૧૯૪૭માં અજિતસિંહ આડત્રીસ વર્ષનો લાંબો દેશવટો ભોગવીને સ્વદેશ પરત થયા. વિદેશની રઝળપાટને કારણે તબિયત પર જે અસર થઈ હતી તેમાં કોઈ સુધારો ન થયો. જે દિવસે દેશમાં સ્વતંત્રતાનો સૂરજ ઊગ્યો તે જ દિવસે તેમણે અંતિમ શ્વાસ લીધો. જાણે દેશને આઝાદ કરાવવા માટે જ જીવતા ન રહ્યા હોય !

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## આઝાદી અમૃત મહોત્સવ દિને ધ્વજવંદન કરતા માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.